અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૨૯-૧૧-૨૦૨૩ બુધવાર

# અવધ ટાઇમ્સ

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,

તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ કારતક વદ ૨ વર્ષ : ૨૮ અંક ૯૧

Sheetal
ANYTIME TASTY
© 73000 51000

જુનામાં જુનુ એટલે...
ઇબ્રાહીમભાઇનું
ઝનકાર
બ્રાસ બેન્ડ
લેડીઝ અને જેન્ટસ સિંગર સાથે
૧૦૦ માણસોની સ્ટાફ મળશે
સંપર્ક : મો.૯૯૨૫૪ ૬૪૪૬૭ / ૮૭૫૮૩ ૧૪૩૦૪
સરનામું :- ચાંદની ચોક, અમરેલી
અમારી કોઇ બીજી શાખા નથી

## રાજ્યમાં ત્રણથી ચાર લાખ હેક્ટરમાં કપાસ, દિવેલા, તુવેરના ઊભા પાકને અસર થયાનો પ્રાથમિક અંદાજ

# કમોસમી વરસાદથી રાજ્યમાં થયેલા પાક નુકસાનીનો સર્વે શરૂ

### કરાયો : SDRFના ધોરણો મુજબ ખેડૂતોને ચૂકવાશે સહાય : પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલ : છેલ્લા ૦૯ વર્ષમાં રાજ્ય સરકારે કુદરતી આપત્તિઓમાં ખેડૂતોને રૂ.૧૦,૭૦૦ કરોડની સહાય ચૂકવી

### રાજ્યમાં રવિ સિઝનમાં અત્યાર સુધીમાં ૧૫થી ૧૬ લાખ હેક્ટરમાં વાવેતર, જેમાં ઘઉં, ચણા, શેરડી, ધાણા, જીરૂ, વરિયાળી, શાકભાજી સહિતના પાક ઉગતી અવસ્થામાં છે તેમાં નુકસાનીની શક્યતા નહિવત

અમરેલી,(ડેસ્કરિર્પોટર) રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી શ્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે, હવામાન વિભાગદ્વારા કરવામાંઆવેલી આગાહીઅનુસાર રાજ્યમાંતા. ૨૬ તથા ૨૭મી નવેમ્બરના રોજ ૧ મી.મી. (મીલિમીટર) થી લઈને ૧૫૧ મી.મી. કમોસમી વરસાદ વરસ્યો છે. હવામાન ખાતાદ્વારાજારી થયેલી વરસાદની સચોટ આગાહીના પગલે ખેતીવાડી ખાતા દ્વારા અગાઉથી જ ખેડૂતોને ખેતરમાં કાપણી કરીને પડેલા પાક તથા માર્કેટિંગ યાર્ડોને જણસીઓના જતન તથા પલળે નહીં તેવી વ્યવસ્થા કરવા સૂચના અપાઈ હતી. જેના કારણે મોટાભાગના પાકની નુકસાની બચાવી શક્યા છીએ.

મંત્રીશ્રીએ કહ્યું હતું કે, રાજ્યમાં ખરીફ પાકોનું આશરે ૮૬ લાખ હેક્ટરમાં વાવેતર થયેલું હતું. જેમાં કપાસ, એરંડા, તુવેર મુખ્યત્વે છે. જો કે મોટાભાગના પાકની કાપણી પૂર્ણ થઈ ગઈ છે. હજુ રાજ્યમાં ૧૦થી ૧૫ લાખ હેક્ટરમાં કપાસનો પાક ઊભો હોવાનો અંદાજ છે. જેમાં મુખ્ય ફાલ વીણાઈ ગયો છે જ્યારે છેલ્લો થોડો ફાલ વીણવાનો બાકી છે. કુલ મળીને અંદાજે ૨૦થી ૨૫ લાખ હેક્ટરમાં કપાસ, એરંડા, તુવેરના પાકનું વાવેતર થયેલું હતું. જો કે પાકની મુખ્ય કાપણી, વીણવાનું કામ પૂર્ણ થઈ ગયું હોવાથી માવઠાની નુકસાનીની શક્યતા ઓછી છે. આમ છતાં રાજ્યમાં ત્રણથી ચાર લાખ હેક્ટરમાં કપાસ, દિવેલા, તુવેરના ઊભા પાકને અસર થયાનો પ્રાથમિક અંદાજ છે.

(અનુ. પાના નં.૭)

## જિલ્લા કૃષિ હવામાન એકમ દ્વારા કરાયેલી આગાહી

# અમરેલી જિલ્લામાં પાંચ દિવસ વરસાદ સાથે ઠંડીની આગાહી

### તા. ૨૯થી ૨ સુધી વરસાદની નહીવત શકયતા, તા. 3 અને ૪ દરમિયાન જિલ્લામાં છુટો છવાયો વરસાદ પડશે


અમરેલી,(ડેસ્કરિર્પોટર) જિલ્લા કૃષિ હવામાન એકમ દ્વારા કરાયેલી આગાહી અનુસાર અમરેલી જીલ્લામાં આગામી ૫ દિવસ દરમિયાન હવામાન આંશિક ભેજવાળું અને આંશિક વાદળછાયું રહેવાની શક્યતા છે. મહત્તમ તાપમાન ૨૮-૩૨ ઓસે અને લઘુત્તમ તાપમાન ૧૮-૨૨ઓસે જેટલું રહેવાની શક્યતા છે.

જયારે તા. ૨૯ નવેમ્બર થી ૦૧ ડીસેમ્બર દરમિયાન વરસાદની

(અનુ. પાના નં.૭)

## ચલાલાનાં પંકજ પરમાર સૈનિક પિતાના પગલે લશ્કરમાં જોડાયાં : લેફ્ટન્ટ તરીકે નિમણુંક પામશે

### ચલાલાના યુવાન પંકજ પરમાર ભારતીય લશ્કર સેનામાં ગૌરવશાળી અને શૌર્યના પ્રતિક સમાન લેફ્ટન્ટ તરીકે નિમણુંક પામશે



ચલાલા, મોટા રીંગણીયાળા ગામના વતની અને ચલાલા ગામે રહેતા મુકેશભાઈ રામજીભાઈ પરમાર ભારતીય સેનામાં સૈનિક તરીકે ગરિમાભરી ફરજ બજાવીને વયનિવૃત પામ્યા છે. મુકેશભાઈ ભારતીય સેનામાં નોકરી કરતા હતા તે દરમિયાન પંકજભાઈ નો જન્મ તારીખ ૪.૪.૧૯૯૯ ના રોજ પુના ખાતે થયેલ. પંકજકુમાર એ શાળાકીય અભ્યાસ મેરઠ, જમ્મુ-કાશ્મીર, લખનઉ અને બિકાનેર ખાતેની સૈનિક સ્કૂલમા પુર્ણ કરીને પીડીપીયુ ગાંધીનગર ખાતેથી બીકોમ ઓનર્સ ની ડિગ્રી મેળવેલ. પરિવારની ઈચ્છા મુજબ બિઝનેસમાં આગંળ વધવાનું હોય કંપનીમાં એક વર્ષ નોકરી કરી પરંતુ તેમનું મન આ સિવિલ નોકરીમા

(અનુ. પાના નં.૭)

## ફાર્મે આપેલ જમીન ખાલી કરવાનું કહેતા

# સાવરકુંડલાના ગોરડકામાં યુવાન ઉપર હુમલો

### ફોરવ્હિલ અથડાવી મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી,સાવરકુંડલા તાલુકાના ગોરડકા તરફ રેલ્વે ફાટક પાસે ગોરડકા ગામના મધુભાઈ બચુભાઈ ચાંદુ ઉ.વ.૩૨ની સંયુક્ત પંદર વિઘા જમીન દોલતી ગામના નજુઆપાભાઈ ચાંદુ છેલ્લા ૧૩ વર્ષથી ફાર્મે વાવવા આપેલ હોય અને આજ દિન સુધી વાવતા હોય જે જમીન ખાલી કરવા અવાર નવાર કહેતા સારૂ નહી લાગતા ફોરવિલ કાર લયઆવી મધુભાઈ સાથે ભટકાવી માથામાં તેમજ શરીરે પાઈપ વડે મારમારી ઈજાઓ કરી ધમકી આપ્યાની સાવરકુંડલા રૂરલ પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

આપની સેફ્ટી તેમજ આરામદાયક મુસાફરીએ જ અમારૂ લક્ષ્ય
સૌથી ઓછા રેટમાં
હુંડાઈ અલ્કઝાર...(૭ સીટર)
ઈનોવા ક્રિસ્ટા...(૭ સીટર)
મારૂતી અર્ટીગા...(૭ સીટર)
મારૂતી બ્રેઝા...(૪ સીટર)
હુંડાઈ વરના...(૪ સીટર)
હુંડાઈ ક્રેટા...(૪ સીટર)
A/C NON A/C
જય માતાજી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ
ધવલભાઈ મકવાણા - મો. ૯૯૦૪૦ ૨૫૧૭૮
ગોવિંદભાઈ મકવાણા - મો. ૯૪૨૭૯ ૩૫૨૮૦,
ઓનલાઈન બુકિંગ માટે :- jaymatajitourandtravel.com

હાઉસફુલ... હાઉસફુલ... હાઉસફુલ...
ઠંડીના લાગે તેવા તંબુમાં નિહાળો...
દર રવિવારે બે શો.... ૬:00 તથા ૯:30 કલાકે
સમીર પટેલ પ્રસ્તુત
મેજીક ઓફ ઈન્ડિયા
દરરોજ રાત્રે ૯:30 કલાકે
સ્થળ : મ્યુનિ.ગર્લ્સ સ્કૂલ નાગનાથ મંદિર પાસે, અમરેલી.
Jaya Art & Culture
સ્થળ ઉપર એડવાન્સ બુકિંગનો સમય
સાંજે ૪ થી ૬ તથા રવિવારના
શો નું બુકિંગ બપોરના ૨:૦૦ થી ૫:૦૦ સુધી
ટીકીટના દર
વી.આઇ.પી. રૂા. ૧૫૦ ■ ફર્સ્ટ કલાકસ રૂા. ૧૦૦
સેકન્ડ કલાસ રૂા. ૭૦
ગ્રુપ શો, ચેરીટી શો તેમજ સામાજીક સંસ્થાના શો માટે સંપર્ક કરો. મો. ૭૩૫૯૮ ૦૦૧૪૧
બહારગામથી ૧૫ પેસેન્જર લઈ આવનાર વાહનના ડ્રાઈવરને ફ્રી પ્રવેશ આપવામાં આવશે

ઉત્સાહી માણસ જોઇએ છે
જાહેર ખબરના બીલની ઉઘરાણી કરી શકે તેવા ઉત્સાહી માણસની જરૂર છે
માત્ર સ્થાનિક લોકોએ જ સંપર્ક કરવો
અવધ ટાઇમ્સ કાર્યાલય
હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી
અવધ ટાઇમ્સ કાર્યાલયે રૂબરૂ સંપર્ક કરવો
સંપર્ક સમય : સવારે ૧૧ થી ૧

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
जिस दिन हम ये *समझ* जायेंगे कि
सामने वाला *गलत* नहीं है सिर्फ
उसकी *सोच* हमसे अलग है
उस दिन *जीवन* से
*दु:ख* समाप्त हो जायेंगे।
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો ભાવ જાણવા મીસ કોલ કરો
9555811166
એ-૧૯, ઈન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/226868

Avadh HERITAGE
"One step close to paradise"
॥ અતિથી દેવો ભવ ॥
સૌરાષ્ટ્રનું નંબરવન નઝરાણું
કે.બી.ગ્રુપ
અવધ હેરિટેજ રિસોર્ટ
શુભ લગ્ન, રીંગ સેરેમની, મેરેજ એનીવર્સરી, બર્થ ડે
ડીલક્ષ રૂમ, સુપર ડીલક્ષ રૂમ
મહારાજા - મહારાણી સ્યુટ રૂમ
ફેમીલી રૂમ, પ્રિમીયમ રૂમ
એસી બેંક્વેન્ટ હોલ - કલબ હાઉસ કોટેજ
સ્વીમીંગપુલ
ડીસ્કોથેક
ઇનડોર ગેમ, જીમ - સિનેમા
પંજાબી, ચાઇનીઝ, સાઉથ ઇન્ડીયન, કોન્ટીનેન્ટલ, હોટ કોલ્ડ બેવરેજીસ
દેશ વિદેશમાં ધુમ મચાવનાર
અવધ શાહી દરબાર રેસ્ટોરન્ટ
અમરપુર વરૂડી, અમરેલી મો.૯૪૦૮૧ ૯૧૦૦૦, (૦૨૭૯૨) ૨૯૯ ૨૯૮

LIC
અમરેલી જિલ્લામાં એકમાત્ર...
CORPORATE CLUB MEMBER
સતત ૪ વર્ષથી C.O.T.
સતત ૧૩ વર્ષથી M.D.R.T.
મનિષભાઇ એસ.ભટ્ટ
૯૮૨૪૨ ૫૬૧૫૮

અમરેલીમાં પ્રવેશ માટે ઉતમ તક
● A.N.M. ● G.N.M. ● B.Sc.
● M.Sc. (N) ● P.B.B.Sc. (N)
SC, ST કેટેગરીના વિદ્યાર્થીઓને
૧૦૦% સ્કોલરશીપ ઉપલબ્ધ
બહેનો તથા ભાઇઓ માટે અલગ - અલગ હોસ્ટેલ સુવિધા
સંપર્ક : મો.૯૮૭૫૨ ૨૨૬૫૮

POLO PLUS પોલો પ્લસ CONTAINERS
અમને ગૌરવ છે, કે અમે ગુજરાતી છીએ
અમે સસ્તી નહીં શ્રેષ્ઠ પ્રોડક્ટ બનાવીએ છીએ...
100 - 150 200 - 300 લીટર માં ઉપલબ્ધ
૧૦૦% ફુડ ગ્રેડ મટીરીયલ
500 થી 10000 લીટર ની વિશાળ રેન્જ માં ઉપલબ્ધ
9 YEAR WARRANTY
14 વર્ષ ની ગેરંટી
વધુ વિગત માટે સંપર્ક કરો
મો. ૯૯૦૯૬ ०૯૬૯૬

Sheetal
પ્રસંગ ખાસ, શીતલ છાશ, બોલશો હાશ...
Sheetal Buttermilk
6 લીટર પાઉચમાં ઉપલબ્ધ
© 73000 51000

મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત નવા મતદાર તરીકે નોંધણી માટે ૨.૬૨ લાખથી વધુ ફોર્મ મેળવવામાં આવ્યા

# મતદારયાદીમાં નામ નોંધાવવાની તક, આગામી તા. ૦૩ તથા ૦૯ ડિસેમ્બરના રોજ પણ યોજાશે ખાસ ઝૂંબેશ દિવસ

## મતદારયાદીને ક્ષતિરહિત બનાવવા તથા નવા મતદારોને સમયસર મતાધિકાર મળે તે માટે બુથ લેવલ ફિસર્સ દ્વારા અસરકારક કામગીરીઓ હાથ ધરાઇ

અમરેલી,

ભારતના ચૂંટણી પંચની સુચના અને મુખ્ય નિર્વાચન અધિકારીશ્રીના માર્ગદર્શન હેઠળ મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત રાજ્યભરમાં તા.૦૫ નવેમ્બર અને તા.૨૬ નવેમ્બર, ૨૦૨૩ ના રોજ ખાસ ઝૂંબેશ દિવસ યોજવામાં આવ્યા હતા. જે અંતર્ગત મતદાર તરીકે નોંધણી કરાવવા ૨.૩૪ લાખથી વધુ ફોર્મ નં.૦૬ જ્યારે મતદારોની સરનામા સહિતની વિગતોમાં સુધારો કરાવવા ૧.૭૬ લાખથી વધુ ફોર્મ નં.૦૮ મેળવવામાં આવ્યા છે.

ક્ષતિરહિત મતદારયાદી તૈયાર થાય અને એક પણ મતદાર મતાધિકારથી વંચિત ન રહે તે માટે ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ અંતર્ગત મતદારયાદીમાં નામ નોંધણી માટેના રાજ્યભરમાં કુલ ૨.૬૨ લાખથી વધુ ફોર્મ નં.૦૬ મેળવવામાં આવ્યા છે. જેની ચકાસણી બાદ નિયમાનુસાર ચકાસણી બાદ નવા મતદારોનું નામ મતદારયાદીમાં ઉમેરવામાં આવશે.

આગામી લોકસભાની ચૂંટણીમાં મતદાધિકાર પ્રાપ્ત કરવા મતદારયાદીમાં નામ નોંધાવવા આ તક છે. જેમાં આગામી તા.૦૩ ડિસેમ્બર તથા તા.૦૯ ડિસેમ્બરના રોજ પણ રાજ્યભરમાં ખાસ ઝૂંબેશ દિવસ યોજાશે. જેમાં મતદાન મથક પર જ સવારે ૧૦.૦૦ કલાકથી સાંજે ૦૫.૦૦ કલાક સુધી મતદારયાદીમાં નામ નોંધાવવા ફોર્મ ભરી શકાશે. ન્યાયી અને સુગમ ચૂંટણીઓ માટે મતદારયાદીને ક્ષતિરહિત બનાવવા આગામી તા.૦૯ ડિસેમ્બર, ૨૦૨૩ સુધી ચાલનારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ-૨૦૨૪ તથા તે અંતર્ગત યોજાનારા ખાસ ઝૂંબેશ દિવસ અંતર્ગત પાત્રતા ધરાવતા નાગરિકોને મતદારયાદીમાં નામ નોંધાવવા મુખ્ય નિર્વાચન અધિકારીશ્રી દ્વારા જાહેર અપીલ કરવામાં આવે છે.

જીણા બાવાની મઢી પાસે સ્ટોલ બનાવી સતત ત્રણ દિવસ સુધી ૨૪કલાક ચા પાણી ની સેવા અપાઈ છે

# વડિયાના હરભોલે મીત્ર મંડળ દ્વારા ગીરનારની લીલી પરિક્રમામાં ૨૧ વર્ષથી ચા પાણીની સેવાનો અનોખો યજ્ઞ

## આ સેવા યજ્ઞમાં ન્યુઝ ચેનલના એસોસિયેટ એડિટર શ્રી જયેશ પારકરએ હાજરી આપી સેવા કરનારનો ઉત્સાહ વધાર્યો હતો : અનેક યુવાઓ અહિ રાત દિવસ સેવા આપી બાંધે છે પુણ્યનુ ભાથુ : અનેરી સેવાઓ




વડિયા, (શ્રી ભીખુભાઈ વોરા)

સમગ્ર દેશ અને વિશ્વ માંથી લાખો લોકો ગરવા ગીરનાર ની લીલી પરિક્રમા કરી પૂર્ણય નુ ભાથું બાંધવા ગીરનાર ની ગોદમાં આવે છે તેમાં ઘણા લોકો પરિક્રમા માં આવતા લાખો લોકોની સેવા કરી ને પણ પૂર્ણયનુ ભાથું બાંધતા હોય છે. ત્યારે અમરેલી જિલ્લા ના છેવાડાના તાલુકા મથક એવા વડિયા ના હરભોલે મીત્ર મંડળ ના યુવાનો અને વડીલો છેલ્લા એકવીસ વર્ષથી પરિક્રમા ના પહેલા પડાવ એવા જીણાબાવા ની મઢી પાસે વિનામૂલ્યે ચા પાણી ની ચોવીસ કલાક સેવા આપે છે ત્યારે લાખો લોકોને પગપાળા ચાલવાના થાક માં રાહત આપવા ચા પીવડાવી વિસામો આપે છે અને પૂર્ણયનુ ભાથું બાંધે છે. ચાલુ વર્ષે પણ ગરવા ગીરનાર ની પરિક્રમા માં આ સેવા આપવા હરભોલે મીત્ર મંડળ ના દિલીપભાઈ શીંગાળા, જીતુભાઈ પાઠક, ભીખુભાઈ વોરા, રાજુભાઈ રાંક, રાજુભાઈ બરાળીયા, રમેશભાઈ આસોદરિયા જેવા વડીલો સાથે પચાસ જેટલાં યુવાનોનું ગ્રુપ અહિ સેવા આપે છે જેમા ચાલુ વર્ષે ગુજરાતી ન્યૂઝ ચેનલ્ V ૯ ના એન્કર જયેશ પારકર પણ જોડાયા હતા. આ સેવા યજ્ઞમાં લાકોએ ત્રણ દિવસ માં ચા પાણી ની સેવાનો લાભ લીધો હતો.

બે કરોડની ઉઠાંતરી કરી ચિટર ગેંગ પલાયન થઇ જતા

# સાવરકુંડલા શહેરમાં ચિટીંગનો ભોગ બનેલા લોકોએ આવેદન પત્ર પાઠવ્યું

## ગોલ્ડ સ્ટાર હોમ નીડ્સ ઓર્ડર સપ્લાયર્સ નામની કંપનીના સુત્રધારોને ગમેત્યાંથી પકડી પાડવાની કરાયેલી રજુઆત



સાવરકુંડલા, (સૌરભ દોશી)

આજથી બે મહિના પહેલા સાવરકુંડલા શહેરમાં મહુવા રોડ ઉપર ગોલ્ડ સ્ટાર હોમનીડ ઓર્ડર સપ્લાયર્સ નામની એક મદ્રાસી કંપની ગોડાઉન ભાડે રાખી લોભામણી લલચામણી સ્કીમ આપી અંદાજે ૪૦૦ જણાની બે કરોડ જેટલી રકમ લઈ ભાગી ગયાં હોવાનો એક અંદાજ છે.

આ ઘટનાને આજે એકાદ મહિનાનો સમય થવા છતાં હજી સુધી કાયદાના હાથ આ લૂંટારુઓ સુધી પહોંચી શકયા નથી. આજે પત્રકાર અને વ્હિસ્સલ બ્લોઅર પ્રતાપ ખુમાણ દ્વારા આ સ્કીમ નો ભોગ બનેલા તમામ પીડિતોને સાથે રાખીને સાવરકુંડલા સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટને એક આવેદનપત્ર આપી તેમાં માંગણી કરવામાં આવી છે કે આ ટોળકી પરપ્રાંતીય અને આંતરરાજ્ય ગુનાખોરી આચરતી હોવાની શંકા છે, માટે સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ એસઆઈટીની રચના કરવામાં આવે અને જલ્દીથી જલ્દી આ ટોળકીને પકડી ગરીબ લોકોની રકમ પરત આપવા સરકાર શ્રી યોગ્ય પગલાં લે તેવી લાગણી અને માગણી છે આજે આ આવેદનપત્ર આપતી વખતે પત્રકારો ,સામાજિક આગેવાનો ,વેપારી આગેવાનો ,તમામ પક્ષના કાર્યકરો ,સેવાભાવી યુવાનો સહિત અનેક ઉપસ્થિત રહ્યા હતા.

### ડુંગરનાં વાઘેલા પરિવારમાં શુભલગ્નોત્સવ

ચિ. વિશાલ     ચિ. વૈશાલી

રાજુલાનાં ડુંગર નિવાસી અ.સૌ.જયાબેન તથા વિનોદભાઈ શામજીભાઈ વાઘેલાનાં સુપુત્ર ચિ.વિશાલનાં શુભલગ્ન મહુવા નિવાસી અ.સૌ.રેખાબેન તથા શ્રી નરોતમભાઈ કરશનભાઈ બારૈયાની સુપુત્રી ચિ.વૈશાલી સાથે તા.૧૪-૧૨-૨૩ ગુરૂવારે મહુવા ખાતે નિરધારેલ છે.

# ચલાલામાં સુરાપુરા શ્રી જીવરાજદાદાના મંદિરે માલવીયા પારિવારનો ૧૦ મો પાટોત્સવ યોજાયો

## જીવરાજદાદા ફાઉન્ડેશન ચલાલા દ્વારા પાટોત્સવમાં માલવીયા પરિવારની ઉપસ્થિતી



અમરેલી,

ચલાલા મુકામે માલવિયા પરિવારના સુરાપુરા જીવરાજદાદાના મંદિરે જીવરાજદાદા ફાઉન્ડેશન ચલાલા દ્વારા માલવીયા પારિવારના ૧૦ માં પાટોત્સવ યોજાયો આ પ્રસંગે ચલાલા, પાણીયા અને વાકિયા સુરત ,અમદાવાદ , મુંબઈ અને રાજકોટ થી માલવિયા પરિવારના તમામ ભક્તજનો હાજર રહ્યા હતા અને માલાવિયા પરિવારના કુળદેવી માતાજીના નવા મંદિરનું નિર્માણ કાર્ય શરુ કરેલ તેમ પત્રકાર ચિરાગ માલવિયાની યાદીમાં જણાવેલ છે.

### રાજકોટમાં રોંગ સાઈડમાં આવતા મોપેડ ચાલકને કારે અડફેટે લેતાં મોત

તાત્કાલીક વેચવાનું છે
બોક્સ પલંગ....................૧
ઓફીસ ટેબલ....................૧
ઓફીસ ચેર....................૧
ફ્રીઝ ૧૬૫ લીટર..............૧
૪ X ૪ કાર કેરીયર..............૧
૨ X ૨ ઇકોની સીટ..............૨
ઓફીસ કબાટ....................૧
મો.૯૪૨૮૯ ૭૦૯૫૪

ભાડેથી આપવાની છે
પાટીદાર રેસ્ટોરન્ટ વાળી જગ્યા ભાડેથી આપવાની છે. સાવન સીમેન્ટની બાજુમાં, સોનાલીકા ટ્રેક્ટરની સામે, લાઠી રોડ, અમરેલી.
સંપર્ક : રમેશભાઇ વામજા
મો.૯૯૨૫૨ ૧૧૬૬૯, ૭૬૦૦૨ ૩૬૬૬૯

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂ.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

વેચવાનું છે
જુની ઇંટો તેમજ બારી દરવાજા તેમજ કોટા પથ્થર, લાદી વ્યાજબી ભાવે વેચવાના છે
જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા
હસુભાઇ મો.૯૩૨૮૬ ૧૦૩૫૨ | જીગાભાઇ મો.૮૭૮૦૪ ૦૪૦૮૭

રૂદ્ર એન્ટરપ્રાઇઝ
ગેરેન્ટેડ લેડીઝ ઇમીટેશન જ્વેલરીમાં દિપાવલી ધમાકા ઓફર
માત્ર રૂ.૧૫૦૦ ની ખરીદી પર ૧૦% તથા રૂ.૨૫૦૦ ની ખરીદી પર ૨૦% વળતર મેળવો
આ ઓફર માત્ર મર્યાદિત સમય માટે જ
કિચનવેર તથા પ્લાસ્ટીકવેરની વેરાયટીઓ મળશે
સ્થળ : દુકાન નં.૭૩, સરદાર શોપીંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી મો.૬૩૫૪૩ ૫૩૬૫૦

ઉધઈ ન થવાની ૧૦ વર્ષની ગેરેંટી
પેસ્ટ કંટ્રોલર
ઉધઈ થી બચો
આપના મકાન, ફર્નિચર, ટેનામેન્ટ, ઓફિસ તથા મકાનનું બાંધકામ કરતી વખતે ઉધઈની ટ્રીટમેન્ટ કરવા માટે સંપર્ક કરો ઉધઈ ન થવાની ટ્રીટમેન્ટ ઈન્જેક્શન દ્વારા કામકરી આપશુ ગેરેંટી માટે બીલ બનાવી આપવામાં આવશે.
મયુર મકવાણા : ૬૩૫૩૮ ૬૨૫૮૩

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
''માઇલેજનો મહારથી''
BAJAJ
ટુ વ્હીલર
CT 110     Platina 100
સર્વશ્રેષ્ઠ માઇલેજ     85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો.૭૩૮૩૧ ૩૯૩૩૩

દુનિયાનો સૌથી સસ્તો 4G ફોન
JioBharat 4G digital life
હવે મેળવો જીયો ભારત ફોન માત્ર Rs.999/- માં
: લીમીટેડ સ્ટોક : ૧ મહિના માટે...
Rs.999 + 123 = Rs. 1122/- ૧ વર્ષ માટે...
Rs.999 + 1234 = Rs. 2233/-
Vi, Idea, Airtel, BSNL નંબરને જીયો ફોનમાં ચાલુ કરી આપીશું.
વધુ માહિતી માટે રૂબરૂ મુલાકાત લો... ઓથો Jio ડિસ્ટ્રીબ્યુટર્સ
તેજસ ટેલીકોમ લક્ષ્મીનારાયણ મંદિરની બાજુમાં, અવધ ડેરીફાર્મ પાસે, સ્ટેશન રોડ, અમરેલી. મો. ૯૭૧૪૦ ૪૦૬૪૦
બ્રાન્ચ તેજસ ટેલીકોમ કહાનકુંજ પાસે, સરદાર ચોક, અમરેલી.

॥ માતૃકૃપા ॥
પંજાબી ચાઇનીઝ ગુજરાતી કાઠીયાવાડી દાલ - બાટી બુધ - ગુરૂ
દરરોજ બપોરે ગુજરાતી થાળી ફક્ત રૂ.૯૯/- માં
દરરોજ રાત્રે કાઠીયાવાડી થાળી ફક્ત રૂ.૯૯/- માં મળશે
પાર્ટી ઓર્ડર સ્વીકારવામાં આવશે - પાર્સલ સુવિધા ઉપલબ્ધ
ગણેશ ફેમેલી રેસ્ટોરન્ટ
ધ્રુવભાઇ મો.૯૪૨૯૮ ૮૯૯૮૫ - વિરાજભાઇ મો.૯૪૨૮૮ ૬૬૧૨૬
એરિકભાઇ મો.૯૮૨૫૪ ૯૭૫૪૭
કેરીયા રોડ, બાયપાસ, કોન સર્કલ પાસે, અમરેલી

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
કલાપી બેન્કવેટ
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક' લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ' ખાતે
•લગ્ન માટે સંગીત-સંધ્યા •ચાંદલાવીધી •રીસેપ્શન •બર્થ-ડે-પાર્ટી •શ્રીમંતવીધી •ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ •માતાજીના ભજન •ડાયરો મુંડન-સંસ્કાર •નાટક •સ્કુલ એન્યુઅલ ફંકશન •કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંકશન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૧૫૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલ, બેન્કવેટ હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

અમરેલી બ્રાન્ચ ॥ જય શ્રી સ્વામિનારાયણ ॥ સુરત બ્રાન્ચ
અરજણભાઇ પટેલ મો.૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો.૯૬૮૭૦ ૪૭૨૯૫
અક્ષય પટેલ મો.૭૦૯૯૦ ૪૧૦૦૮
www.shyamcaterers.com
આપને ત્યાં આવતા શુભ પ્રસંગોમાં બુફે ડિનર પાર્ટી, રીસેપ્શન પાર્ટી, બર્થડે પાર્ટી, સર્વિસ સાથે કેટરર્સ કરી આપીશુ
SHYAM Caterers
શ્યામ કેટરર્સ
The King of catering service
હેડ ઓફિસ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫
બ્રાન્ચ ઓફિસ : બી-૧૧૧, રોયલ પ્લાઝા, પટેલ પાર્ક, સોસાયટી સામે, સુવિધા રો હાઉસ પાસે, સીમાડા નાકા, B.R.T.S. રોડ, સુરત

આપના આંગણે આવતા શુભ પ્રસંગો માટે સુવર્ણ અલંકારો ખરીદવા માટેનું સર્વશ્રેષ્ઠ...
કલકતી, એન્ટીક, રોઝ ગોલ્ડ, જડતર, તથા લાઈટ વેઈટ ડાયમંડ જ્વેલરી...
સોના-ચાંદીના દાગીના તથા ૧ ગ્રામ ફોમીંગ જ્વેલરીની વિશાળ રેન્જ મેળવવા માટે અમારા નવ નિર્માણ શો-રૂમની અવશ્ય મુલાકાત લો...
વર્ષોથી વિશ્વાસની પરંપરા સાથે...
એમ. વિઠલદાસ જ્વેલર્સ (શેડુભારવાળા)
દાણા બજાર, ટાવર પાસે, અમરેલી. ફોનઃ (૦૨૭૯૨) ૨૨૨૬૩૫
મો. ૯૯૦૯૩ ૬૬૬૦૦, ૯૯૯૮૫ ૧૪૩૦૧.

essilor fastrack Ray-Ban ZEISS Kodak CLARITY
ઠંડા ગોગલ્સ પુમા સનગ્લાસ કાર્ટીયર ટેગ ઓવર
દરેક બ્રાન્ડેડ કંપનીના ચશ્મા તેમજ કોન્ટેક લેન્સ બનાવનાર અરજન્ટ ચશ્મા બનાવનાર
ડો. સાહેબની સલાહ મુજબના નંબરવાળા ચશ્મા બનાવનાર
સમીર ચશ્મા ઘર
મોટા બસ સ્ટેન્ડ સામે, પેટ્રોલ પંપની સામેની ગલીમાં, એઇમ્સ હોસ્પિટલ (જીવનધારા) પાસે, અમરેલી
ડ્રાઇવીંગ લાઇસન્સ તથા દરેક આઇકાર્ડ, યુનિકકાર્ડ, ચુંટણીકાર્ડ, ડુપ્લીકેટ બનાવનાર
મો.૯૪૨૮૭ ૦૭૪૧૭, ૭૩૮૩૪ ૫૧૯૭૧

### સારહી યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર

# સારહી તપોવન આશ્રમમાં ૐ તપેશ્વર મહાદેવનું ભૂમિ પૂજન

**શ્રી દિલીપભાઈ સંઘાણી, શ્રી કૌશિક વેકરીયા, શ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, શ્રી બીપીન લીંબાણી, શ્રી ભાવેશ સોઢા, શ્રી માંગરોલિયા, ડો. આર એસ પટેલ, શ્રી ધાર્મિક રામાણીની ઉપસ્થિતિ**

**સારહિ તપોવન આશ્રમે બે દિવસ ભૂમિપૂજન અને શિલાન્યાસ વેદોક્ત મંત્રોચ્ચાર અને પૂજન થી બ્રાહ્મણો દ્વારા સંપન્ન કરવામાં આવ્યું : આગામી દિવસો માં તપોવન આશ્રમ ખાતે ભવ્ય મંદિરનું નિર્માણ થશે**



અમરેલી,(ફીલ્ડ રિર્પોટર)

સારહી તપોવન આશ્રમ ખાતે નૂતન શિવાલય ( ૐ તપેશ્વર મહાદેવ) નું ભૂમિ પૂજન તેમજ શિલાન્યાસ કાર્યક્રમ સંપન્ન થયો હતો. સારહી યુથ ક્લબ ઓફ અમરેલી દ્વારા મુકેશભાઈ સંઘાણીના સંકલ્પ અનુસાર સારહી તપોવન આશ્રમ નું નિર્માણ થઈ રહ્યું છે તેમાં દેવાધિદેવ મહાદેવ નાં મંદિર નાં નિર્માણ અંતર્ગત ૐ તપેશ્વર મહાદેવ ( નૂતન શિવાલય) બનવા જઈ રહ્યું છે તેનું ભૂમિપૂજન અને શિલાન્યાસ તા. ૨૨/૧૧/૨૦૨૩ અને તા. ૨૩/૧૧/૨૦૨૩ બે દિવસ વેદોક્ત મંત્રોચ્ચાર અને વિધિ પૂજન થી બ્રાહ્મણો દ્વારા સંપન્ન કરવામાં આવ્યું યજ્ઞ મા પરિવાર સહિત બેસતાં સારહી તપોવન આશ્રમ નાં સ્વપન દ્રષ્ટા - લોક સેવક શ્રી મુકેશભાઈ સંઘાણી, નગર પાલિકા પૂર્વ કારોબારી ચેરમેન શ્રી સુરેશભાઈ શેખવા, નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ નાં ચેરમેન શ્રી તુષારભાઈ જોષી, સારહી પરિવાર નાં સભ્યશ્રી અતુલભાઈ પડસાલા, શ્રી હરિભાઈ બાંભરોલિયા, શ્રી ભાવેશભાઈ પડશાલા, ભગીરથભાઈ ત્રિવેદીએ યજ્ઞનો લાભ લીધો હતો.

આ અવસરે ઈફકો નાં ચેરમેન શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ, નાયબ મુખ્ય દંડક શ્રી કૌશિકભાઈ વેકરીયા, અમર ડેરી નાં ચેરમેન શ્રી અશ્વિનભાઈ સાવલિયા, શ્રી ભદ્રેશભાઈ લાખાણી જીલ્લા ભાજપ મહામંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ બસિયા, નગર પાલિકા પ્રમુખ શ્રી બીપીનભાઈ લીંબાણી, કારોબારી ચેરમેન શ્રી મનીષભાઈ ધરજીયા, શહેર ભાજપ પ્રમુખ શ્રી ભાવેશભાઈ સોઢા, મહામંત્રી શ્રી રાજેશભાઈ માંગરોલિયા, અમર ડેરી નાં મેનેજિંગ ડાયરેક્ટર શ્રી ડો. આર. એસ. પટેલ, જનરલ મેનેજર શ્રી ધાર્મિકભાઈ રામાણી, એન્જીનીયર શ્રી હિમાંશુભાઈ ધાનાણી, શહેર ભાજપ ઉપપ્રમુખ શ્રી નરેન્દ્રસિંહ પરમાર, યોગેશભાઈ ગણાત્રા, નગર પાલિકા ટાઉન પ્લાનિંગ ચેરમેન શ્રી ચિરાગભાઈ ચાવડા, દંડક શ્રી દિલાભાઈ વાળા આરોગ્ય સમિતિ ચેરમેન શ્રી હરિભાઈ કાબરિયા, સભ્ય શ્રી નીલેશભાઈ ધાધલ નગર પાલિકા પૂર્વ પ્રમુખ શ્રી મનીષાબેન સંજયભાઈ રામાણી, પૂર્વ ટાઉન પ્લાનિંગ ચેરમેનશ્રી બ્રીજેશભાઈ કુરુંદલે, વેપારી મહા મંડળ નાં પૂર્વ પ્રમુખ શ્રી સંજયભાઈ વણઝારા, જીલ્લા મધ્યસ્થ બેંક પ્રોફેસનલ ડાયરેક્ટર શ્રી પિયુષભાઈ શુક્લ, સારહી પરિવાર નાં પદાધિકારી શ્રીઓ / સભ્યશ્રીઓ ચંદુભાઈ રામાણી, શ્રી ભ્રમિતસિંહ ચૌહાણ, ડેનીભાઈ રામાણી, શ્રી ધવલભાઈ કાબરીયા, શ્રી ચીમનભાઈ પટોળીયા, શ્રી એ. વી. આકોલિયા, શ્રી જુલભાઈ ગોંડલિયા, શ્રી ભાવેશભાઈ કાબરિયા, સહિત નાં ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, સહકારી, પદાધિકારીશ્રી ઓ ઉપસ્થિતિ રહ્યા હતા તેમજ આગામી દિવસો માં તપોવન આશ્રમ ખાતે ભવ્ય મંદિર નું નિર્માણ થશે સારહી તપોવન આશ્રમ ની યાદી જણાવે છે....

### ઝેરી અસર હેઠળ બે હોસ્પિટલોએ હાથ ઉંચા કરી દીધા બાદ

## અમરેલીની શાંતાબા જનરલ હોસ્પિટલે ૨૬ દિવસ સુધી સારવાર કરીને યુવાનનો જીવ બચાવ્યો

**અમરેલીમાં વિનામુલ્યે ડો. વિજય વાળા, ડો. દિવ્યા ગુરવ, ડો. નિરજ ઠક્કર, ડો. સુરજ સાવલીયા અને આઇસીયુ સ્ટાફે ૧૮ વર્ષનાં હરિ વેકરીયાને ઉગાર્યો**



અમરેલી,

શાંતાબા જનરલ હોસ્પિટલ ખાતેથી મળેલ માહિતી મુજબ સાવરકુંડલા તાલુકા ના અમૃતવેલ ગામના ૧૮ વર્ષીય યુવક હરિભાઈ રાજુભાઈ વેકરિયા થી ભૂલથી ઝેરી પદાર્થ પીવાઈ જતા તાત્કાલિક મહુવા ખાતે અને ત્યારબાદ જરૂરી સારવાર અર્થે પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. પરંતુ દર્દીના પિતા દ્વારા જણાવ્યા મુજબ પ્રાઈવેટ હોસ્પિટલમાં તબીયતમાં કોઈ સુધારો ન થતા અને દર્દીની હાલત ગંભીર થતા દર્દીને શાંતાબા જનરલ હોસ્પિટલ, અમરેલી ખાતે લાવવામાં આવેલ હતું. ઈમરજન્સી સારવાર વિભાગ ના ડો.કેવલ આદ્રેજા દ્વારા દર્દીને તાત્કાલિક આઈ.સી.યુ.માં દાખલ કરેલ અને જ્યાં દર્દીને વેન્ટીલેટર પર રાખવામાં આવેલ હતા. મેડિસીન વિભાગના ફીજીશીયન ડો.વિજય વાળા દ્વારા સારવાર મળતા ચાર દિવસ બાદ દર્દી કોમામાંથી બહાર આવેલ હતું.

દર્દીના પિતા રાજુભાઈ વેકરિયા દ્વારા જણાવ્યા મુજબ પ્રાઈવેટ હોસ્પિટલમાં થનાર છ લાખ રૂપિયા જેટલા માતબર ખર્ચની સામે શાંતાબા જનરલ હોસ્પિટલ અમરેલી ખાતે વિના મુલ્યે તેમના પુત્રની યોગ્ય સારવાર ડો. વિજય વાળા, ડો.દિવ્યા ગુરવ, ડો.નીરજ ઠકકર, ડો.સુરજ સાવલિયા તથા આઈ.સી.યુ. સ્ટાફ દ્વારા કરવામાં આવતા તેમના પુત્ર માટે ડોકટરની ટીમ તથા હોસ્પિટલ આશીર્વાદ રૂપ સાબિત થઈ છે.

૨૬ દિવસની સતત સારવાર બાદ દર્દીનો આબાદ બચાવ થતા દર્દી તથા તેમના સબંધીઓએ હોસ્પિટલ મેનેજમેન્ટ ટીમ, ડોકટર ટીમ, આઈ.સી.યુ.ટીમ અને હોસ્પિટલના ચેરમેનશ્રી વસંતભાઈ ગજેરા પ્રત્યે પોતાનો ખુબ ખુબ આભાર વ્યક્ત કર્યો હતો. અને હોસ્પિટલ ના ચેરમેનશ્રી એ તમામ સ્ટાફને સારવારનું ઉતમ ઉદાહરણ પૂરુ પાડવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.

## બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમા ચોરીના મોટરસાયકલ સાથે એક શખ્સને ઝડપી લીધો

**બાબરા પોલીસે આરોપીને ઝડપી લઇ ઉમદા ફરજ બજાવી**

અમરેલી,

ભાવનગર રેન્જ આઈ.જી.પી.ગૌતમ પરમાર તેમજ અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક હિમકરસિંહએ અમરેલી જિલ્લામાં બનતા મારામારીના લુટ-ધાડ, ચોરી જેવા ગંભીર ગુન્હાઓના આરોપીઓને સત્વરે પકડી પાડવા સુચના આપેલ હોય, જે અન્વયે આવા પ્રકારના ગુન્હાઓ આચરી અને પોતાની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીને પકડવા સારૂ જે.પી.ભંડારી નાયબ પોલીસ અધિક્ષક, અમરેલી વિભાગ, અમરેલીએ સઘળા પ્રયત્નો કરવા સુચના તેમજ માર્ગદર્શન આપેલ હોય,જે અન્વયે તા.૨૭/૧૧/૨૦૨૩ ના રોજ બાબરા પોલીસ ટીમ બાબરા પો.સ્ટે. ગુ.ર.નં. ૫૨૭/૨૦૨૩ ના ગુન્હાની તપાસમા હતા તે સરમ્યાન બાબરા નીલવડા ચોકડી ચાર રસ્તા ઉપર વાહન ચેકીંગમા હતા તે દરમ્યાન એક ઈસમ હીરો હોન્ડા કંપનીનું લાલ તથા કાળા રંગનુ મો.સા. ચલાવી નીકળેલ હોય જેને રોકી પુછપરછ કરતા મો.સા.ના કાગળો બતાવવાનું કહેતા ગલ્લા તલ્લા કરવા લાગતા પોલીસ સ્ટેશન લાવી મજકુરની સઘન પુછ પરછ કરતા પોતે આ મો.સા. રજી નં.GJ ૧૪ ૯૫૯૬ નુ વાળુ ગઈ કાલ તા.૨૬/૧૧/૨૦૨૩ ના રોજ રાત્રીના સમયે અમરેલી ચક્કરગઢ રોડ સંકુલ પાસેથી ચોરી કરી લાવેલ હોવાનુ જણાવતો હોય જેથી અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનમા ઉપરોક્ત મો.સા. બાબતે ખરાઈ કરતા અમરેલી તાલુકા પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૬૪૫/૨૦૨૩ IPC કલમ ૩૭૯ થી રજી થયેલ હોય જે ગુન્હામાં ચોરી થયેલ મો.સા. સાથે આરોપી મનીષભાઈ કનુભાઈ પંચોલી ને પકડી પાડી મજકુર વિરૂધ્ધ કલમ ૪૧(૧)(ડી) મુજબ ધોરણસર કાર્યવાહી કરેલ છે.

### અમરેલીમાં બાઈક ચોરાયું

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)

અમરેલી ચક્કરગઢ રોડ દેવદુત પાનની દુકાન સામે શીવમ એપાર્ટમેન્ટ નીચે રાખેલ હોન્ડા સીડી ડીલક્ષ જીજે.૧૪.પી.૯૫૯૬ રૂ.૨૫,૦૦૦ની કિંમતનું કોઈ ચોરી કરી ગયાની દિવ્યાગભાઈ રસીકભાઈ ધાનાણીએ અમરેલી તાલુકા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

### અવસાન નોંધ

બગસરા

બગસરા ના નટવરનગર નિવાસી વરિયા વંશ પ્રજાપતિ ધોળીબેન જીવરાજભાઈ ચરોલિયા ઉંમર વર્ષ ૮૫ તે સ્વ. છગનભાઈ તથા દિનેશભાઈ તેમજ સારદાબેન જેન્તીભાઈ (મોણપરી ) જશુબેન ધરમશિભાઈ (વિસાવદર) તથા ભાવનાબેન મનસુખલાલ (ગીગાસણ) ના માતા તેમજ ધવલભાઈ, કૌશિકભાઈ, આશિષભાઈ તેમજ મયુરભાઈ ના દાદી માં નું તા. ૨૫ ના રોજ દુઃખદ અવસાન થયું છે.

## ચાલું વીજપ્રવાહે રીપેરીંગ કરી, અવિરત વીજપુરવઠો જાળવી રાખતા લાઇનમેનોનું ૨૪ -૭ ગ્રુપ અમરેલી દ્વારા અભિવાદન

**આપણી સગવડતાઓ સાચવવા ખડે પગે કામ કરતાં નાના કર્મચારીઓને આપણે ભુલી જતાં હોઈએ છીએ : ભાજપ અગ્રણી ડો. ભરત કાનાબાર**



અમરેલી,

આપણી રોજબરોજની સવલતો જાળવી રાખવા તંત્રના કેટલાંક વિભાગના કર્મચારીઓ ખડે પગે ડયુટી કરતાં હોય છે, જેમાં વીજ વિભાગના ફીલ્ડમાં કામ કરતાં લાઈનમેનોની ભુમિકા ખુબજ મહત્વની છે.

આપણાં ઘરો, દુકાનો અને ઓફિસોમાં વીજપુરવઠો અવિરતપણે ચાલું રહે તે માટે આ લાઈનમેનોને ઘણીવાર લાઈન રીપેર કરવા જોખમ ઉઠાવી ચાલું વીજપ્રવાહે કામ કરવું પડે છે. એમાં પણ મકરસંક્રાંતિ, દીવાળી જેવા તહેવારોમાં એમણે ઘણીવાર સતત ૨૪ કલાક ડયુટી બજાવવાનું પણ આવે છે.

આવા કર્મચારીઓની સેવા આપણને ઘણીવાર નજરમાં આવતી નથી. અમરેલીના ૨૪૭ ગ્રુપ દ્વારા, આ બધા લાઈનમેનોને અભિનંદનપત્ર સાથે ઓર્ગેનિક ગોળની નાની ભેટ આપવાનો કાર્યક્રમ પી.જી.વી.સી.એલ. કચેરીમાં યોજાયો હતો. આ કાર્યક્રમમાં અમરેલી સર્કલના સુપ્રીટેન્ડન્ટ એન્જીનીયર સોમાણી સાહેબ, ડેપ્યુટી એન્જીનીયર સરવૈયા તથા ૨૪૭ ગ્રુપના શ્રી. પી. પી. સોજીત્રા, ડો. ભરતભાઈ કાનાબાર, મધુભાઈ આજુગીયા, એડવોકેટ ચેતનભાઈ રાવળ, વિપુલભાઈ ભટ્ટી, પેન્ટર ડી.જી. મહેતા, નયનભાઈ જોષી (બેદી), સિકંદરખાન પઠાણ, પેન્ટર જોગી ઉપસ્થિત રહયા હતા.

ડો. ભરત કાનાબારે અગાઉ જે છાશવારે વીજળી ખોરવાઈ જતી તેના સ્થાને હવે રીપેર/મેઈન્ટેનન્સ સિવાય જવલ્લે જ વીજપુરવઠો ખોરવાય છે તે માટે ફીલ્ડમાં જીવના જોખમે કામ કરતાં લાઈનમેનોને બિરદાવ્યાં હતા.

નાગરિક બેંક અને માર્કેટ યાર્ડના પૂર્વ ચેરમેન પી.પી. સોજીત્રાએ, શીફટ ડયુટીમાં કામ કરી, દિવાળીના તહેવારોમાં પોતાના પરિવારથી દુર રહી પણ શહેરના લોકોની સગવડતા સાચવવા નિષ્ઠાપૂર્વક ફરજ બજાવવા માટે ફીલ્ડ સ્ટાફની પ્રશંસા કરી હતી.

અમરેલીમાં સેવાભાવી નાગરિકોનું ૨૪૭ ગ્રુપ નિયમિતપણે અમરેલી સીવીલ હોસ્પીટલના દર્દીઓમાં બિસ્કીટસ, ફળોનું વિતરણ કરતું આવ્યું છે. તેમના આ દર્દીના હમદર્દ અભિયાનને માનવ મંદિરના પુ.ભક્તિરામબાપુ તેમજ કેન્દ્રીય મંત્રીશ્રી પરશોત્તમભાઈ રૂપાલા પણ અગાઉ બિરદાવી ચુક્યા છે.

## ગુજરાતના ખ્યાતનામ ફોટો જર્નાલિસ્ટ ઝવેરીલાલ મહેતાનું નિધન : ઘેરો શોક

**શોકાંજલી પાઠવતા રાજુલાના ફોટોગ્રાફર શ્રી વિપુલ લહેરી**



અમરેલી, ગુજરાતના ખ્યાતનામ ફોટો જર્નાલિસ્ટ ઝવેરીલાલ મેહતાનું આજે સાંજે ૭:૦૦ વાગ્યાની આસપાસ ૯૭ વર્ષની ઉંમરે અવસાન થયું છે. તેમની કારકિર્દી દરમિયાન ભારત સરકાર દ્વારા પદ્મશ્રી એવોર્ડ થી પણ સન્માનિત કરાયા હતા. મારા ગુજરાત ગૌરવ એવોર્ડમાં પણ તેઓ હાજર હતા અને મેં એના આશીર્વાદ લીધા હતા ફોટોગ્રાફી માંથી મેં એમની પાસેથી ઘણું શીખ્યો છું એમની ખોટ ગુજરાતમાં ક્યારેય તેમની ખોટ નહીં પુરી શકાય.

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઈમ્સ
તા.૨૯-૧૧-૨૦૨૩ બુધવાર

# સરકારની એડવાઈઝરી... શિયાળા સાથે માવઠું કુદરત કરવટ બદલે ત્યારે લોકદશા કેવી નિવડશે ?

અત્યારે બીમારી વધી રહી છે અને ઘેર-ઘેર કોઈને કોઈ પરિવારજન બીમાર હોવાથી ચિન્તા વધી રહી છે. દવાખાના, આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલોમાં બેકાબૂ ભીડ જોવા મળી રહી છે. અને સરકારી સુવિધાઓ ઊણી ઉતરી રહી હોય તેમ જણાય છે. ત્યારે દૂષ્કાળમાં અધિક માસની જેમ ઘણાં સ્થળે કમોસમી વરસાદ પડતા વિચિત્ર સ્થિતિ ઉત્પન્ન થઈ ગયેલી જણાય છે.

કૂદરતે જાણે કરવટ બદલી હોય, તેમ શિયાળાના પ્રારંભે જ માવઠું થતાં, આ બદલાયેલી મોસમ કેવી નિવડશે તેની ચર્ચા વચ્ચે કેટલીક કુતૂહલજનક ઘટનાઓ પણ સામે આવી છે.

પોરબંદર પંથકમાં ભરશિયાળે કેસર કેરીનો પાક ઉતર્યો અને માર્કેટમાં મોંઘા ભાવે વેચાયો તેવા અહેવાલોએ આશ્ચર્ય જગાવ્યુ છે, તો બીજી તરફ શિયાળા સાથે વરસાદના સંયોજનથી લોકોના જનજીવન પર પણ માઠી અસરો પહોંચી છે. ખેડૂતોના ખેતીપાક તથા જણસોને આ માવઠાથી થયેલા નુકસાનનો સર્વે કરીને સહાય અપાશે, તેવા સંકેતો તો અપાઈ રહ્યા છે, પરંતુ સરકાર કોણીએ ગોળ ચોંટાડવા જેવું ન કરે, અને વાસ્તવિક સર્વે કરાવીને હકીકતે જેઓને નુકસાન થયું છે, તેને પૂરતી મદદ અને તથા મળતીયાઓ મલાઈ ખાઈ ન જાય, તેવી વ્યવસ્થા કરે, તેવા પ્રત્યાઘાતો ખેડૂતોના વર્તુળોમાંથી સાંભળવા મળે છે.

સૌરાષ્ટ્ર સહિત રાજ્યમાં એક તરફ બીમારી ખતરનાક રીતે વધી રહી છે, અને ખાનગી દવાખાના-હોસ્પિટલોમાં પણ ભીડ વધી રહી છે, ત્યારે તબીબી સારવાર અને નિદાનના ક્ષેત્રે પણ અસહ્ય નફાખોરી થતી અટકે, તે માટે તંત્રે અસરકારક પગલા લેવા જોઈએ અને મેડિકલ ક્ષેત્રની સંસ્થાઓ, એસોસિએશનો તથા સંબંધિત સરકારી તંત્રોએ સક્રિય થઈને હસ્તક્ષેપ કરવો જોઈએ, તેવી જનલાગણીઓ પણ પ્રગટી રહી છે, આ અંગે પ્રવર્તમાન વ્યવસ્થા વધુ સક્રિય બને અને સચોટ રીતે નિયમનો-નિયંત્રણો લાગુ કરે, તેવી વાત પણ થઈ રહી છે અને ખાનગી સારવારના ક્ષેત્રે કોઈ ચોક્કસ ભાવબાંધણુ ન થઈ શકે ? તેવી પ્રશ્નાવલી પણ ચર્ચાઈ રહી છે.

જો કે, રાજ્યના આરોગ્ય તંત્રે એક એડવાઈઝરી જાહેર કરી છે, પરંતુ તે સિઝનલ વાયરલ કે પ્રવર્તમાન રોગચાળા કે બીમારીને સંબંધિત નથી, પરંતુ ચીનમાં ફેલાયેલી રહસ્યમય બીમારીને સંબંધિત છે. ચીનમાં બાળકોને રહસ્યમય ન્યુમોનિયા જેવી બીમારી વ્યાપક બનતા જ આખી દુખિયામાં ફફડાટ ફેલાઈ ગયો છે આ ચીન કયાંક ફરીથી કોવિડ-૧૯ જેવી ખતરનાક બીમારી-મહામારીના ખપ્પરમાં તો દુનિયાને નહીં હોમી દે ને ? તેવી આશંકાઓ પણ ઉઠી રહી છે. વિશ્વમાં ફેલાતી ખતરનાક મહામારીઓનું ઉદ્ભવસ્થાન ભૂતકાળમાં પણ મોટાભાગે ચીનમાં જ રહ્યું હોવાથી દુનિયાની આશંકા અસ્થાને પણ નથી.

આ સંભવિત બીમારીને લઈને રાજ્યના આરોગ્ય વિભાગે સરકારી અધિકારીઓને ઉદ્દેશીને એડવાઈઝરી જાહેર કરી હોવાના અહેવાલો પણ ગઈકાલથી જ આવી રહ્યા છે અને તેના અનુસંધાને આરોગ્યતંત્રો તથા સરકારી આરોગ્ય કેન્દ્રો, હોસ્પિટલોમાં હડિયાપટ્ટી થઈ રહી હોવાનું પણ જાણવા મળે છે.

અહેવાલો મુજબ રાજ્ય સરકારે આરોગ્ય તંત્રોને પાઠવેલી એડવાઈઝરીમાં લીકવીડ ઓક્સિજન, પીએસએ પ્લાન્ટ, ઓક્સિજન કોન્સન્ટ્રેશન, હોસ્પિટલોમાં ઉપલબ્ધ બેડ, સુવિધાઓ, સાધનસામગ્રી, જરૂર પડ્યે આઈસોલેશન વોર્ડ ઊભા કરવા માટેની જરૂરિયાતો, ટેસ્ટીંગ તથા જરૂરી મેડિસિન્સ તથા ઈકવીપમેન્ટ્સની ચકાસણી કરીને રિપોર્ટ કરવા તથા તાકીદે આ માટેની તૈયારીઓ શરૂ કરી ઉણપોની પૂર્તતા કરવાની તાકીદ કરાઈ હોવાનું પણ ચર્ચાઈ રહ્યું છે.

આ ઉપરાંત ફિઝીશ્યન્સ, મેડિકલ ઓફિસરો, માઈક્રો બાયોલોજીસ્ટ, લેબટેક, સ્ટાફનર્સ, અન્ય પેરામેડિકલ સ્ટાફની ઉપ્લબ્ધિ, તેઓના સેનેટાઈઝેશનની વ્યવસ્થાઓ તથા અમલ શરૂ કરી દેવા, ઓક્સિજન પ્લાન્ટ, સપ્લાઈ સિસ્ટમ, હોસ્પિટલોમાં વેન્ટિલેટર, પીપીઈ કીટ તથા સંકલન વ્યવસ્થાઓ ચકાસી લેવા તથા સમગ્ર પ્રક્રિયાની સમીક્ષા કરીને તમામ પ્રકારની તૈયારીઓ રાખવા તાકીદ કરાઈ હોવાનું પણ બહાર આવ્યું છે.

હકીકતે ચીનમાં બાળકોની શ્વસનતંત્રને લગતી બીમારીએ કહેર વર્તાવ્યો છે, તેની સામે કોવિડ, ઈન્ફલુએન્ઝા, માયકોપ્લાઝમાં, ન્યુમોનિયા વગેરે બીમારીઓને કેન્દ્રમાં રાખીને સમગ્ર દેશમાં તૈયારીઓ થઈ રહી છે અને મૂળ ગુજરાતી એવા આરોગ્યમંત્રી મનસુખ માંડવીયાએ એડવાઈઝરી સામે સમગ્ર દેશના આરોગ્યતંત્રો સતર્ક કર્યા છે, ત્યારે ગુજરાતનું આરોગ્ય તંત્ર હવે સફાળુ જાગ્યુ છે અને હડિયાપટ્ટી વધી રહી છે.

કોવિડ-૧૯ ના પ્રારંભે પણ દેશના આરોગ્યમંત્રી હર્ષવર્ધન હતા, ત્યારે આ જ પ્રકારે એડવાઈઝરીઓ તથા ગાઈડલાઈન્સ જાહેર કરાયા હતાં, પરંતુ ટ્રમ્પ ફેઈમ હડિયાપટ્ટી તે સમયે ચાલી રહી હોવાથી પ્રારંભમાં ટોપ ટુ બોટમ ગંભીરતા ઓછી રખાતા કોવિડને અટકાવવાના પ્રયાસોમાં ઉણપ રહી ગઈ હતી. આ વખતે તેવું ન થાય અને સંભવિત ખતરા સામે પર્યાપ્ત સતર્કતા રખાય, પણ ગભરાટ ન ફેલાય, તે જોવાની જવાબદારી હવે તંત્રો તથા સરકારની જ રહે છે.

# ધારીના સોઢાપરામાં પ્રૌઢ ઉપર હુમલો

## મારમારી ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ

અમરેલી,(ક્રાઈમ રીપોર્ટર)
ધારી તાલુકાના સોઢાપરા ગામે રહેતા ખીમાભાઈ નાનજીભાઈ બજાણીયા ઉ.વ.૪૦ તા.૨૬-૧૧ ના સાંજના દુકાને માવો ખાવા ગયેલ હતા.ત્યારે રાહુલ બાલાભાઈ દેગામાં દુકાને આવી ગાળો બોલતો હોય. તેમને ગાળો બોલવાની ના પાડતા શરીરે લાકડી વડે મારમારી ઈજાઓ કરી ધમકી આપ્યાની ધારી પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

# મોટા માંડવડામાં બિનવારસી પ્રાણીઓની વ્યવસ્થા કરવા માંગ

## જિલ્લા વિકાસ અધિકારીને રજુઆત કરતા શ્રી વિપુલભાઇ ટીંબડીયા

અમરેલી,મોટા માંડવડા ગામે અનેક રેઢીયાર પશુઓની લોકોને હેરાનગતી લોકોને વેઠવી પડે છે. અવાર નવાર અકસ્માતો સર્જાય છે. રેઢીયાર ઢોર અંગે તા.૩-૯-૨૨ ના રોજ પત્ર પાઠવી રજુઆત કરી હતી. પણ કોઈ ઉકેલ આવ્યો નથી. હાલ રેઢીયાર ઢોર અને અન્ય પશુઓથી બાળકો, વૃધ્ધો સહિત પરેશાન હોય કોઈ ગંભીર અકસ્માત સર્જાય તે પહેલા યોગ્ય ઉકેલ લાવવા અમરેલી જિલ્લા વિકાસ અધિકારીને પત્ર પાઠવી વિપુલભાઈ નનુભાઈ ટીંબડીયાએ રજુઆત કરી છે અને જણાવ્યું છે કે, રેઢીયાર ઢોરને કારણે બોરડ રમેશભાઈ માવજીભાઈ રે.મોટા માંડવડાને ઈજા થતા મુશ્કેલીમાં મુકાયેલ છે. તેમને સરકાર દ્વારા પણ વળતર આપવા માંગ ઉઠી છે તેમ શ્રી ટીંબડીયાએ જણાવ્યું છે.

# લાઠી તાલુકામાં નવનિર્મિત થનાર વર્ગખંડોનું ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવિયાના વરદ હસ્તે ખાતમુહુર્ત કરાયું

## રૂા.૪૯ લાખના ખર્ચે ૬ વર્ગોખંડો બનાવવા તંત્રનું આયોજન



લાઠી,
હાલ સમગ્ર રાજ્ય અને દેશમા વિકાસના કામોએ હરણફાળ ભરી છે અને તેજ ગતિથી સમગ્ર રાજ્યમા વિકાસના કામો થઈ રહ્યા છે ત્યારે શિક્ષણએ મુખ્ય પાયાની બાબત છે અત્યારે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી તેમજ મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા શાળા પ્રવેશોત્સવ, ડીજીટલ ટેક્નોલોજીથી શ્રેષ્ઠ શિક્ષણ મળે તે માટેના પ્રયત્નો થઈ રહ્યા છે ત્યારે લાઠી તાલુકાના દેરડી (જાનબાઈ) ગામે તેમજ લાઠીના મહાવીરનગર વિસ્તાર મા ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવિયા ના વરદ હસ્તે આશરે રૂપિયા ૪૯ લાખના ખર્ચે નવનિર્મિત થનાર છ વર્ગખંડોનું ખાતમુહુર્ત કરવામા આવેલ હતું તેમજ આ નવનિર્મીત થનાર વર્ગખંડોનું કામ ગુણવત્તા યુક્ત અને પારદર્શકતાથી થાય તેઅંગે જોવા માટે ધારાસભ્યશ્રીએ સૂચન કર્યુ હતું. આ પ્રસંગે જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિના ચેરમેન શ્રી, તાલુકા પંચાયત લાઠીના ઉપ પ્રમુખ શ્રી રાકેશભાઈ સોરઠીયા, તાલુકા પંચાયતના તમામ સદસ્યો, તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારી શ્રી ગોપાલભાઈ અઘેરા, એન્જિનિયર શ્રી મોહિતભાઈ ગોસ્વામી, સી.આર.સી, ગામના સરપંચ શ્રી વિલાસબેન રાઠોડ, ગ્રામ પંચાયતના તમામ સદસ્યો, કિશોરભાઈ રાઠોડ, જયંતિભાઈ રાઠોડ, સોમજીભાઈ સાબળિયા, પ્રાથમિક શાળાના આચાર્ય તથા સમગ્ર સ્ટાફ, ગામના આગેવાનો તેમજ બહોળી સંખ્યામાં ગ્રામજનો હાજર રહ્યા હતા અને સૌએ ધારાસભ્યશ્રીનો આભાર માન્યો હતો.

# સાવરકુંડલાના વિજપડીમાં તલાટી મંત્રીને ૩ વર્ષથી પાણી પત્રક સીટ નહી મળતા ફસલ નોંધ અધુરી

## ખેડુતોના વાવેતરની નોંધ ગામ નમુના નં.૧૨ માં થવા પામી નથી

વીજપડી(સમીર ખોખર)
સાવરકુંડલા તાલુકાના વિજપડી ગામના તલાટી કમ મંત્રી ને ૩ વરસ થી પાણી પત્રક સીટ તાલુકા મામલતદાર કચેરીથી આપવામાં આવેલ નથી.જેથી ખેડૂતો ના વાવેતર ની નોંધ ગામ નમુના નં૧૨ માં થવા પામેલ નથી.જુલાઈ ૨૦૨૨ થી નવા બાગાયતી વાવેતર નૌધ નમુના નં ૧૨ મા દાખલ કરાવવા નિયત આધારો જોડી મામલતદાર કચેરી સાવરકુંડલા સમક્ષ વિજપડી ના ખેડૂત અમાનભાઈ રસભયો એ અરજી રજુ કરવામાં આવેલ છે અરજીને ફાઈલો કરી દેવા માં આવેલ છે અને જવાબ મળેલ છે કે વાવેતર નોધ તલાટી કમ મંત્રી શ્રી એ કરવાની છે.બાબતે તલાટી કમ મંત્રી સમક્ષ મળેલ જવાબો રજૂ કરતાં જવાબ માં અમારી ફરજ માં નથી ઈધરા ની તાલુકા મામલતદાર ની ફરજમાં બીજા હક્કો વૃક્ષો નોંધ દાખલ કરવાની છે.બાબતે મામલતદાર કચેરી સાવરકુંડલા સમક્ષ મૌખિક રજૂઆતો કરવામાં આવ્યાની ૧ વર. થયું હજુ સુધી ૩ વરસ ની વાવેતર નૌધ નમુના નં ૧૨ માં દાખલ કરવા સબબ ની સીટો તલાટી કમ મંત્રી વિજપડી ને મળેલ નથી અને ખેડૂતો ની વાવેતર નૌધ નમુના નં ૧૨ માં દાખલ થવા પામેલ નથી બાબતે ખેડૂત અમાનભાઈ રસભયો વિજપડી દ્વારા જીલ્લા કલેકટર સાહેબ આને મહેસુલ સચિવ સાહેબ ગાંધીનગર સમક્ષ લેખિત રજૂઆત કરવામાં આવેલ છે. તેમ સમીર ખોખરે જણાવેલ..

# અમરેલી ખાતે તા.૧૦ ડિસેમ્બરથી સઘન પોલીયો રસીકરણનું આયોજન

## એસએન આઇડી અંતર્ગત સઘન પોલીયો રસીકરણ

અમરેલી,
SNID અંતર્ગત આગામી તા.૧૦ ડિસેમ્બર ૨૦૨૩થી સઘન પોલિયો રસીકરણનું આયોજન સમગ્ર ગુજરાતની સાથે અમરેલી જિલ્લામાં થશે. જેમાં ૦થી ૫ વર્ષના બાળકોને પોલિયો રસીના બે ટીપા પીવડાવવામાં આવશે અને પોલિયોના રોગથી રક્ષિત કરવામાં આવશે. આ કાર્યક્રમ અંતર્ગત અમરેલી જિલ્લા પંચાયતની આરોગ્ય શાખા ખાતે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીની અધ્યક્ષતામાં એક વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમા તાલુકા કક્ષાના આરોગ્ય અધિકારીઓ, મેડિકલ ઓફિસર ઉપસ્થિત રહ્યા હતા. અને આગામી આવનારા પોલિયો રાઉન્ડ વિશે તાલીમ તથા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ વર્કશોપમાં ઉર્હાના સિનિયર મેડિકલ ઓફિસર હાજર રહ્યા હતા અને માર્ગદર્શન અને તાલીમ આપી હતી.આ પોલિયો રસીકરણ રાઉન્ડ અંતર્ગત જિલ્લામાં કોઈપણ બાળક પોલિયોના ટીપા પીવડાવવામાં બાકી ના રહી જાય તે બાબતની સૂચનાઓ મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# વંડાનાં સુધીરભાઇ મહેતાની કલમે લખાયેલ પુસ્તક કલ્યાણી સાગરનું વિમોચન કરાયું

## કરીયાણા ગામે ચંડીપાઠ યજ્ઞ નિમિતે વિમોચન

અમરેલી,વંડાનાં લેખક સુધીરભાઈ મહેતાની કલમે લખાયેલ પુસ્તક કલ્યાણી સાગરનું વિમોચન બાબરાનાં કરીયાણા ગામે કલ્યાણી માતાજી શ્રી આપબાપા કરીયાણા સમસ્ત બાજ ખેડાવાળ બ્રાહ્મણ કલ્યાણકા મહેતા ભટ્ટ પરિવાર દ્વારા વાર્ષિક ચંદીપાઠ યજ્ઞ સ્નેહમિલન કાર્યક્રમ તા.૧૯-૧૧-૨૩ને રવિવારે યોજાયો હતો. જેમાં લેખક સુધીરભાઈ મહેતાનાં પુસ્તક માટે યોગદાન આપનાર દાતા શ્રી બલભદ્રભાઈ ઉમીયાશંકરભાઈ ભટ્ટનાં હસ્તે વિમોચન કર્યુ હતું. આ પુસ્તકનું પ્રકાશન કલ્યાણી માતા સેવા સમિતિ દ્વારા થયું છે. પુસ્તકની પ્રસ્તાવનાં અરવિંદભાઈ મહેતાએ તથા પુસ્તક પરિચય ડો.દેવીલા મહેતાએ આપેલ છે. કવીશ્રી પરેશ મહેતાએ લેખકનો પરિચય આપ્યો હતો. સેવા સમિતિનાં પ્રમુખ અરવિંદભાઈ મહેતા, જયસુખભાઈ મહેતા, ભરતભાઈ મહેતાની ઉપસ્થિતિમાં વિમોચન બાદ દરેકને ભેટ રૂપે પુસ્તક અપાયાં હતાં. શ્રી તુષારભાઈ ભટ્ટ, કલ્યાણકા મહેતા, ભટ્ટ પરિવારનાં આગેવાનોએ પ્રશંસા કરી હતી.

### રાજય સરકાર તથા ધોળકીયા ફાઉન્ડેશન દ્વારા

# જળ ઉત્સવ યજ્ઞમાં આહુતિ આપવાનો અવસર પ્રાપ્ત કરતા નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા - લોક સેવક મુકેશભાઈ સંઘાણી

## પ્રદેશ પુર્વ પ્રમુખ જીતુભાઇ વાઘાણી અને આગેવાનોની ઉપસ્થિતીમાં આહુતિ અપાઇ



અમરેલી,
ગાગડીયા નદીના કાંઠે જળ સંરક્ષણને પ્રોત્સાહન મળે અને જિલ્લા પ્રવાસનને વેગ આપવા ૧૦-દિવસ આયોજીત જળ ઉત્સવમાં ધોળકીયા ફાઉન્ડેશન-સુરતના સંચાલક સવજીભાઈ ધોળકીયા, ગુજરાત પ્રદેશ ભાજપના પુર્વ અદ્યક્ષ જીતુભાઈ વાઘાણી, જીલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ સુતરીયા ઉપસ્થિત રહયા હતા.રાજ્ય સરકાર- તથા ધોળકિયા ફાઉન્ડેશન સુરતના સહયોગથી અમરેલી જિલ્લાના ગાગડિયા નદીના કાંઠે જળ સંરક્ષણના ભગીરથ કાર્યને પ્રોત્સાહન આપવા તથા અમરેલી જિલ્લાના પ્રવાસનને વેગ આપવા માટે સૌ પ્રથમવાર ૧૦ દિવસ માટે આયોજિત જળ ઉત્સવમાં ધોળકિયા ફાઉન્ડેશનના સંચાલક અને પદ્મશ્રી માન. સવજીભાઈ ધોળકિયા તેમજ ગુજરાત પ્રદેશ ભાજપ પૂર્વ અધ્યક્ષ માન. શ્રી જીતુભાઈ વાઘાણી, ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક માન. શ્રી કૌશિકભાઈ વેકરીયા, સાથે જળ ઉત્સવ તેમજ યજ્ઞ મા આહુતિ આપવાનો અવસર પ્રાપ્ત કરતા લોક સેવક શ્રી મુકેશભાઈ સંઘાણી.આ પ્રસંગે અમરેલી જીલ્લા પંચાયત નાં પ્રમુખ શ્રી ભરતભાઈ સુતરીયા તેમજ અન્ય પદાધિકારી શ્રી ઓ પણ ઉપસ્થિત રહ્યા

# અમરેલીમાં ડો. કલામ ઇનોવેટીવ સ્કૂલ ખાતે ઈલેક્ટ્રોનિક્સ રોબોટિક્સ તેમજ કોડીંગનો ઇનોવેટીવ વર્કશોપ યોજાયો

## અમરેલીના કલેકટર તેમજ જિલ્લા વિકાસ અધિકારી સહિતના મહાનુભાવોની ઉપસ્થિતી



અમરેલી,
ડો. કલામ ઈનોવેટીવ સ્કૂલ અને ટિંકરીંગ ઈન્ડિયા ના સંયુક્ત ઉપક્રમે વિશેષ બે દિવસીય ટિંકરીંગ વર્કશોપ યોજાયો. સમગ્ર વર્કશોપમાં વિશેષ માર્ગદર્શક સ્વરૂપે માસ્ટર ટ્રેનર ધ્રુવ સૈડવા જોડાયા હતા અને વિદ્યાર્થીઓને વિશેષ ટ્રેનીંગ આપી હતી.આધુનિક યુગમાં ચાલી રહેલી ઈલેક્ટ્રોનિક ક્રાંતિ સાથે તાલ મિલાવવા માટે બાળકોને સર્કીટ, મોટર અને સેન્સર ની દુનિયાને સમજવાનો અને તે સમજ દ્વારા અવનવા રોબોટ્સ બનાવીને એ બનાવવાનું વિજ્ઞાન અને મિકેનીઝમ શીખી શકે અને બીજાને પણ રોબોટ્સ બનાવતા શીખવી શકે તેવો અત્યાધુનિક વર્કશોપ કલામ કેમ્પસ ખાતે યોજાયો હતો. આ વર્કશોપની અંદર વિદ્યાર્થીઓએ સેન્સર સર્કિટ તેમજ વિશેષ ટ્રેનીંગના ભાગરૂપે કોડિંગનું નોલેજ પણ આપવામાં આવ્યું હતું.

નજીકના ભવિષ્યમાં દેશની પ્રથમ ઈલેક્ટ્રોનિક્સ ટિંકરીંગ લાઈબ્રેરી બનાવવામાં આવશે. આ લાઈબ્રેરીની અંદર તમામ પ્રકારના સેન્સર,સર્કીટ, મોટર, વાયર, બેટરી જેવી તમામ સામગ્રી હશે આ સામગ્રી વિદ્યાર્થીઓ ઘરે લઈ જઈ શકશે અને અવનવા પ્રયોગો કરી શકશે. આ પ્રકારની વિશેષ વ્યવસ્થા કલામ કેમ્પસ ખાતે ઊભી કરવામાં આવશે.આ તકે ધ્રુવ સૈડવા દ્વારા હજારો વિદ્યાર્થીઓને ટ્રેનીંગ આપવામાં આવી છે અને એમના અધ્યયન પરથી એમણે જણાવ્યું કે,બાળકો જાતે પોતાની રીતે શીખવામાં નિપુણ હોય છે, એમને જો યોગ્ય સમયે યોગ્ય માર્ગદર્શન અને યોગ્ય વસ્તુઓ આપવામાં આવે તો બાળકો કેવી રીતે શીખવું અને કેવી રીતે સમસ્યા ઉકેલવી એ શીખતા રહેતા હોય છે. અને આ પ્રક્રિયા જો સતત ચાલતી રહે તો વિદ્યાર્થીઓ વિશેષ પ્રકારે શીખી શકે છે અને બીજાને શીખવાડી શકે તેવા સક્ષમ પણ બની શકે છે.કલામ કેમ્પસ અને ટિંકરીંગ ઈન્ડિયા દ્વારા યોજાયેલ આ વર્કશોપ ખાતે રાખવામાં આવેલ એકઝીબિશનની કલેકટરસાહેબશ્રી અજય દહિંયા તેમજ ડી.ડી.ઓશ્રી ગૌરવ દ્વારા વિશેષ મુલાકાત લેવામાં આવી અને સમગ્ર ટીમને અભિનંદન પાઠવ્યા.

# બગસરા શરાફી સહકારી મંડળી લી. દ્વારા બાજપાઈ સહાય નિધિની રકમનો ચેક અપાયો

## લાભાર્થીના વારસદારને રૂા. ૨૫ હજારનો ચેક અર્પણ



બગસરા રૂપેશ રૂપારેલિયા
બગસરા નાગરિક શરાફી સહકારી મંડળી લી. ની બગસરા શાખા ના સભાસદ શ્રી જયાબેન નરસિંહભાઈ પરમાર નું આકસ્મિક અવસાન થતા તેમના વારસદાર ને મંડળી તરફથી બાજપાઈ સહાય નિધિ ની રકમ રૂપિયા ૨૫૦૦૦ નો ચેક અર્પણ કરવામાં આવેલ આ વેળાએ મંડળીના જનરલ એમ.ડી. નિતેશભાઈ ડોડીયા, શાખા એમ.ડી. હરિભાઈ ભટ્ટી, શાખા સેક્રેટરી હેમેન્દ્રભાઈ કટેશીયા, પ્રકાશભાઈ પાઘડાળ સહિતની ઉપસ્થિતિમાં સહાય નિધિનો ચેક ચૂકવવામાં આવેલ

# પૂજ્ય પ્રભુદાસબાપુના સ્મરણમાં પુણ્યતિથી નિમિતે તલગાજરડા ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન

## તા.૨૯ મીએ સર્વજ્ઞાતી સમુહલગ્ન, આખ્યાન, સંતવાણી કાર્યક્રમો

તારીખ ૨૯/૧૧/૨૩નો દિવસ એટલે પૂજ્ય પ્રભુદાસબાપુની પુણ્યતિથિ. શ્રી ચિત્રકૂટધામ તલગાજરડા દ્વારા પ્રતિવર્ષ પૂજ્ય પ્રભુદાસબાપુના પુણ્ય સ્મરણમાં અનેકવિધ સેવાકીય પ્રકલ્પોનું આયોજન થાય છે. આગામી તારીખ ૨૯/૧૧ ના રોજ સવારે ૯.૩૦ કલાકે તલગાજરડા ગામની ૮ સર્વજ્ઞાતિય કન્યાઓના સમૂહલગ્ન યોજાશે. રાત્રીના ૮ વાગ્યે શ્રી ચિત્રકૂટધામ ખાતે જાણીતા માણભટ્ટ પૂજ્ય શ્રી ધાર્મિકલાલ પંડ્યા દ્વારા આખ્યાનનો કાર્યક્રમ યોજાશે. ત્યારબાદ સંતવાણીની વિવિધ વિધાઓના આરાધકોને એવોર્ડ એનાયત કરવામાં આવશે. એવોર્ડ અર્પણવિધિ બાદ ગુજરાતના નામી-અનામી કલાકારો દ્વારા સંતવાણી પ્રસ્તુત કરવામાં આવશે. સમગ્ર કાર્યક્રમને આપ સંગીતની દુનિયાની યુ.ટ્યુબ ચેનલ પર લાઈવ નિહાળી શકશો.

# ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

## આજનું પંચાગ

તા. ૨૯.૧૧.૨૦૨૩ બુધવાર ,સંવંત ૨૦૮૦, કારતક વદ બીજ, મૃગશીર્ષ નક્ષત્ર, સાધ્ય યોગ, વણિજ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) રહેશે.

મેષ (અ,લ,ઈ) : સાહસથી સિદ્ધિ પ્રાપ્ત થાય,આગળ વધવાની તક પ્રાપ્ત થાય. સંતુલિત મનથી તમે કરેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થાય.
વૃષભ (બ,વ,ઉ) : આર્થિક બાબતોમાં સારું રહે,અચાનક લાભ થવાના સંકેત છે. અગાઉ રોકેલા નાણાં કે ફસાયેલા નાણાં પરત આવવાના સંકેત આવી શકે.
મિથુન (ક,છ,ઘ) : કાર્યસિદ્ધિ આપતો દિવસ,યશ-પ્રતિષ્ઠા પ્રાપ્ત થાય. સામાજિક રીતે તમારા અભિપ્રાય નું મૂલ્ય વધે.
કર્ક (ડ,હ) : આજના દિવસે વાદ વિવાદ થી દૂર રહેવું,તમારા કામમાં વિશેષ ધ્યાન દેવું. સ્વભાવ લાગણીશીલ રહે અને તેના કારણે દુઃખ થાય.
સિંહ (મ,ટ) : આજના દિવસે આકસ્મિત લાભ થાય,જુના મિત્રોને મળવાનું બને,મનની વાત વ્યક્ત કરી શકો, શુભ દિન.
કન્યા (પ ,ઠ ,ણ ) : વેપારીવર્ગને લાભદાયક દિવસ છે, સ્ત્રી વર્ગ માટે ઉત્સાહજનક,નોકરિયાતવર્ગને સારું રહે,વિદ્યાર્થીવર્ગ માટે પણ સારું રહે.
તુલા (ર,ત) : આધ્યાત્મિક બાબતોમાં આગળ વધી શકો, ધ્યાન યોગ મૌનથી લાભ થાય,ભાગ્યબળ માં વૃદ્ધિ થાય.
વૃશ્ચિક (ન ,ય ) : અગાઉ ની સાપેક્ષમાં ધીમે ધીમે પરિસ્થિતિ તરફેણમાં આવતી જણાય,કાર્યને પૂર્ણ કરી શકો , પ્રગતિકારક દિવસ.
ધન (ધ ,ભ ,ફ ,ઢ ): સામાજિક ક્ષેત્ર અને જાહેરજીવનમાં સારું રહે,લોકચાહનામાં વૃદ્ધિ થાય , આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
મકર (ખ ,જ ) : આજના દિવસે તબિયતની કાળજી લેવી,બહારના ખાન-પાનમાં ધ્યાન રાખવું પડે, જીવનપદ્ધતિમાં હકારાત્મક ફેરફાર કરવા જરૂરી બને.
કુંભ (ગ ,સ,શ ) : પ્રણય માર્ગે આગળ વધી શકો, સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો.
મીન (દ ,ચ ,ઝ ,થ): દિવસ આરામથી વિતાવી શકો અને નવી જગ્યાએ જઈ શકો, તમામ ભૌતિક સુખ સગવડ આપતો આનંદદાયક દિવસ.

# અમરેલીનાં વઘાસીયા પરિવારમાં શુભલગ્નોત્સવ

ચિ.હરિકૃષ્ણ | ચિ.ધરતી

અમરેલીનાં અ.સૌ.બિન્દુબેન તથા પંકજભાઈ જીણાભાઈ વઘાસીયાનાં સુપુત્ર ચિ.હરિકૃષ્ણનાં શુભલગ્ન અમરેલી નિવાસી અ.સૌ.વનીતાબેન તથા મહેશભાઈ રવજીભાઈ માંજલીયાની સુપુત્રી ચિ.ધરતી સાથે તા.૬-૧૨-૨૩ બુધવારે તુલસી પાર્ટી પ્લોટ ખાતે નિરધારેલ છે.

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૯૯૯ થી ૧૪૬૯ મગફળી ૯૭૫ થી ૧૨૭૧

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૦૭૪-૧૨૯૫
શિંગમોટી-૧૧૩૫-૧૪૧૮
શિંગદાણા-૯૦૦-૧૪૬૫
તલસફેદ-૧૨૦૦-૩૪૧૧
તલકાળા-૨૯૦૦-૩૩૦૦
બાજરો-૪૦૬-૫૧૭
જુવાર-૯૦૦-૧૧૯૦
ઘઉંટુકડા-૪૩૦-૬૬૧
ઘઉંલોકવન-૪૦૦-૬૦૧
મગ-૧૫૫૫-૧૭૫૬
અડદ-૧૮૦૦-૧૮૦૦
ચણા-૮૦૦-૧૨૪૧
તુવેર-૯૦૦-૨૧૫૧
કપાસ-૯૪૦-૧૪૭૭
એરંડા-૧૧૨૦-૧૧૨૦
જીરૂ-૭૫૦૦-૮૩૦૦
ઇસબગુલ-૧૩૨૦-૧૩૨૦
ગમગુવાર-૧૦૩૫-૧૦૩૫
ધાણા-૧૧૬૦-૧૪૮૮
અજમા-૧૧૩૦-૧૧૭૧
મેથી-૧૦૮૫-૧૨૪૦
સોયાબીન-૭૦૦-૯૭૩

**અમરેલી શાકભાજી**
બટેટા-૨૨૦-૩૨૦
રીંગણા-૪૦૦-૬૦૦
ફલાવર-૫૦૦-૬૦૦
કોબીઝ-૧૪૦-૨૨૦
ટમેટાં-૭૦૦-૯૫૦
સુરણ-૧૦૦૦-૧૧૦૦
ગાજર-૪૦૦-૬૦૦
દુધી-૧૫૦-૨૪૦
કારેલા-૨૦૦-૩૫૦
ગલકા-૩૦૦-૪૦૦
કાકડી-૬૦૦-૮૦૦
ગુવાર-૬૦૦-૧૦૫૦
ચોળાલીલા-૫૦૦-૬૦૦
તુરીયા-૬૦૦-૧૦૦૦
ભીડો-૫૦૦-૮૦૦
આદુ-૧૬૦૦-૨૦૦૦
કોથમીર-૨૦૦-૬૦૦
મેથીભાજી-૪૦૦-૫૦૦
ટીંડોરા-૫૦૦-૬૦૦
લીમડોમીઠો-૯૦-૧૨૦
મરચાલીલા-૪૦૦-૬૦૦
લસણસુકું-૧૨૦૦-૩૦૦૦
લીંબુ-૬૦૦-૮૦૦
પાલક-૪૦૦-૫૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૬-૫૧૧
જુવાર-૮૦૦-૧૩૪૫
ઘંઉ-૪૫૦-૬૦૯
મગ-૧૮૧૮-૨૩૦૦
અડદ-૧૬૫૦-૧૬૫૦
ચણા-૭૦૦-૧૦૫૦
ધાણા-૯૫૧-૧૦૭૧
શીંગ-૧૧૭૫-૧૩૫૩
તલસફેદ-૨૫૦૦-૩૪૦૦
તલકાળા-૩૩૦૦-૩૩૦૦
કપાસ-૧૩૦૦-૧૪૭૦

**મહુવાયાર્ડ**
શીંગ-૯૭૨-૧૩૭૧
શીંગજી-૧૦૩૨-૧૪૩૧
જુવાર-૬૩૦-૧૩૦૦
તલ-૨૬૫૨-૩૪૦૨
મકાઇ-૩૪૨-૫૨૨
ડુંગળીસ.-૨૦૦-૧૦૫૧
ડુંગળીલાલ-૨૦૦-૭૩૧
નાળીયેર-૫૭૩-૨૦૧૦
ચણા-૧૧૨૫-૧૧૫૨
મગ-૧૬૯૦-૧૬૯૦
અડદ-૧૩૭૦-૨૨૪૦

**બાબરા**
કપાસ-૧૩૪૫-૧૪૯૫
ઘઉંટુકડા-૪૯૫-૫૯૫
ચણા-૯૨૫-૧૦૯૫
મગ-૧૫૬૦-૧૮૦૦
બાજરી-૩૭૨-૪૦૮
તલસફેદ-૨૬૬૦-૩૧૦૦
અડદ-૧૫૫૦-૧૮૫૦
મગફળી-૧૨૩૫-૧૩૨૫
સીંગદાણા-૧૪૦૦-૧૬૦૦

**ધારી**
કપાસ-૧૩૩૫-૧૪૫૫
મગફળી-૯૭૫-૧૨૫૦
ચણા-૧૧૦૫-૧૧૪૧
અડદ-૧૭૭૦-૧૭૭૦
ધાણા-૧૩૨૫-૧૩૯૧

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૨૦૦-૧૩૭૧
તલસફેદ-૩૦૦૦-૩૩૦૦
તલકાળા-૩૦૫૦-૩૩૫૦
જીરૂ-૮૫૦૦-૯૦૦૦
કપાસ-૧૩૫૦-૧૪૭૦
ઘઉં-૪૫૦-૫૫૦
બાજરો-૩૮૦-૩૭૦
જુવાર-૧૦૦૦-૧૩૫૦
ચણા-૮૫૦-૧૨૫૦

**જેતપુર માર્કેટયાર્ડ**
મગફળીજી-૮૦૧-૧૨૩૦
મગફળીજા-૭૬૦-૧૧૫૧
ઘઉલોકવન-૩૮૦-૪૩૫
ઘઉંટુકડા-૩૯૦-૪૫૧
કપાસ-૧૨૪૧-૧૯૯૧
ચણા-૬૧૧-૯૨૬
અડદ-૭૧૧-૧૪૧૧
તલ-૧૭૬૧-૨૧૪૧
જીરૂ-૨૨૧૧-૨૯૫૧
ધાણા-૧૩૫૦-૧૫૮૧
સોયાબીન-૧૦૫૬-૧૨૩૬

**ખાંભા**
કપાસ-૧૩૨૫-૧૪૭૦
અડદ-૧૩૨૫-૧૫૫૧
મગફળી-૧૦૭૦-૧૩૩૬

**બગસરાયાર્ડ**
કપાસ-૧૩૦૦-૧૪૭૮
ચણા-૧૦૬૪-૧૧૬૪
ઘંઉ-૫૬૫-૫૮૧
અડદ-૧૭૭૨-૧૮૫૦
મગ-૧૦૦૦-૧૭૫૦
ધાણા-૧૩૩૨-૧૪૨૮

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૫૦૦-૯૦૦
દાડમ-૯૦૦-૩૦૦૦
મુસંબી-૫૦૦-૮૦૦
જામફળ-૨૦૦-૪૫૦
સંતરા-૬૦૦-૯૦૦
કીવી-૩૫૦૦-૫૦૦૦
ડ્રેગન ફ્રુટ-૨૨૦૦-૩૨૦૦
સીતાફળ-૮૦૦-૧૬૦૦
કેળા-૫૦૦-૭૫૦
પોપૈયા-૫૦૦-૮૦૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૧૧૦૦-૨૧૦૦
અનાનસ-૯૦૦-૧૨૦૦
બોર-૪૦૦-૬૦૦

**લીલીયા**
કપાસ-૧૩૮૩-૧૪૫૯

**અમરેલી આજનું તાપમાન**
મહ ામ તાપમાન ૩૧.૫
ન્યુનતમ તાપમાન ૧૮.૭
ભેજનું પ્રમાણ ૪૮
પવનની ગતિ સરેરાશ-૭.૮

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોર પાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જીજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

સત્યમેવ જયતે
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર

તા. ૨૯-૧૧-૨૦૨૩ બુધવાર

અમરેલી શહેરમાં નંબર વન...
પ્રિમીયમ ક્વોલિટી ડ્રાયફ્રુટ
અવનવા ફ્રેશ ફ્રુટ
ઇમ્પોર્ટેડ ચોકલેટ
દિવાળી ગીફ્ટ બોક્ષ
ડ્રાયફ્રુટ બોક્ષ
ચોકલેટ બોક્ષ
૩૦ થી વધુ વેરાયટીમાં
Frutilla The Fruit Farm
સંતશ્રી હરિરામબાપા ફ્રુટ માર્કેટ, જુના માર્કેટયાર્ડ, અમરેલી

BAJAJ FINSERV
આશાપુરા ફર્નીચર
માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧
૨૦૨૩/ ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો
તહેવારો નિમિતે કેશની ખરીદી ઉપર ૫% થી ૨૫% સુધીનું ડિસ્કાઉન્ટ

## ડોમેસ્ટિક વાયોલન્સનાં કેસમાં ભરણપોષણ અને મકાન ભાડા પેટે પત્નીને દર મહિને રૂા. ૧૩ હજાર ચૂકવાનો હુકમ

### બાબરા કોર્ટમાં અરજદાર વતી એડવોકેટ ભાવેશ બી રાઠોડની દલીલો

સુરત,

બાબરા કોર્ટમાં ડોમેસ્ટીક વાયોલેન્સના કેસમાં ભરણપોષણ અને મકાન ભાડા પેટે પત્નીને દર મહિને રૂા.૧૩ હજાર ચુકવવા હુકમ થયો છે. સુરત મુકામે અરજદાર શોભનાબેનને થોડો ટાઈમ સારી રીતે રાખેલ બાદમાં સામાવાળા સંદીપભાઈ તરુણભાઈ પટેલ (પતિ ) અને સાસુ-સસરા અને નણંદ તથા જેઠ અરજદારને મેણાંટોણાં મારવા લાગેલ અને શોભનાબેનનાં પતિ સંદીપભાઈ ને તેમના માતા-પિતા અને પરિવારના લોકોની કાનભંભેરણી કરતા જેથી સામાવાળા સંદીપભાઈ અને તેમના પરિવારના લોકો એકસંપ થઈ અરજદારને શારીરિક-માનસિક દુઃખ ત્રાસ આપેલ અને વધુ કરિયાવર લાવવા બાબતે મેણાંટોણા મારતા. તેમજ સામાવાળા સંદીપભાઈ તરુણભાઈ પટેલને અન્ય સ્ત્રી સાથે સંબંધ હોઈ અને અરજદારને રાખવા માંગતા નાં હોઈ જેથી અરજી કરિયાનાં એક વર્ષ પહેલા પતિ સંદીપભાઈ તરુણભાઈ પટેલ અને સાસુ સસરા અને પરિવાર નાં લોકો મળી અરજદાર શોભનાબેન ને પહેરેલા કપડે કાઢી મુકેલ.ત્યાર બાદ જેથી ૧ વર્ષ બાદ બાબરા કોર્ટમાં ડોમેસ્ટિક વાયલન્સ એક્ટ મુજબ અરજી કરેલ અને તમામ મૌખિક અને લેખિત પુરાવાના અંતે પત્ની શોભનાબેનને તેમના પતિ સંદીપભાઈ તરુણભાઈ પટેલએ દર મહિને ભરણપોષણ પેટે રૂ.૧૧૦૦૦/- અને મકાન ભાડા પેટે રૂ.૨૦૦૦/- અને માનસિક અને શારીરિક યાતનાઓના વળતર માટે રૂ.૫૦૦૦/- અને અરજી ખર્ચ પેટે રૂ.૧૦૦૦/- ચૂકવાનો હુકમ બાબરા કોર્ટે કરેલ અને આ કામે અરજદાર વતી એડવોકેટ ભાવેશ બી. રાઠોડ રોકાયેલ હતા.

## રાજુલામાં તાલુકા કક્ષાએ કૃષિ પ્રદર્શન અને સેમીનાર યોજાયો

### સેવાસેતુ કાર્યક્રમ સાથે યોજનાકીય માર્ગદર્શન અપાયું



રાજુલા, (કનુભાઈ વરૂ)
રાજુલા ખાતે ખેડૂતોને રવિ સિઝનમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ માર્ગદર્શન તેમજ ખેડૂતલક્ષી વિવિધ સહાય યોજનાઓ અંગેની સમજ મળી રહે તે માટે સરકાર દ્વારા તાલુકા કક્ષા કૃષિ માર્ગદર્શન સેમિનાર અને પ્રદર્શન તથા સેવા સેતુ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં રવિ પાકો વિશે આધુનિક કૃષિ તાંત્રિકતા માર્ગદર્શન તેમજ અનમિલેટ પાકો અંગે ખેતી ખર્ચ ઘટાડા સહિતના બાબતોને ધ્યાનમાં લઈ કાર્યક્રમ કરવામાં આવ્યો હતો આ વિભાગમાં આ કાર્યક્રમની અંદર વિવિધ વિભાગના લોકોએ પોતાની કામગીરી રજૂ કરી હતી જેમાં આંગણવાડી વિભાગ મામલતદાર કચેરી સહિતના વિભાગો દ્વારા પોતપોતાની અલગ અલગ કાર્યવાહીની કૃતિઓ અહીં રજૂ કરી હતી આ તકે ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ડેપ્યુટી કલેક્ટર રાજુલા વલકુભાઈ બોસ તથા પૂર્વ યાર્ડના ઉપપ્રમુખ મનુભાઈ સરપસ મંડળના પ્રમુખ મનુભાઈ કારોબારી તાલુકા પંચાયતના પ્રમુખ છાયાબેન ધીરજલાલ પુરોહિત તાલુકા વિકાસ અધિકારી હિતેશભાઈ પરમાર તથા હરસુરભાઈ લાખણોત્રા નમકા દાદા તથા ઘનશ્યામ મશરૂ તથા વિપુલ લહેરી તથા ખેતીવાડી અધિકારી

## સુમન સેવા ટ્રસ્ટ અને મહિલા તળપદા કોળી સેવા સમાજ દ્વારા ૧૦મી ડીસેમ્બરે અમરેલીમાં સર્વજ્ઞાતિ સમુહ લગ્ન અને તેજસ્વી તારલાઓનું સન્માન

### સર્વજ્ઞાતી સમુહ લગ્ન માટે નામ નોંધણી શરૂ : આયોજકો દ્વારા થઈ રહેલી તડામાર તૈયારીઓ

અમરેલી,

અમરેલી સુમન સેવા ટ્રસ્ટ દ્વારા તા. ૧૦-૧૨-૨૩ ના સર્વજ્ઞાતિય સમુહલગ્નનું આયોજન કરવામાં આવેલ છે.

આ ૩૧ માં સમુહ લગ્નમાં માતા પિતાની છત્રછાયા ગુમાવેલ દિકરીઓને વિનામુલ્યે લગ્ન દ્વારા સરકાર દ્વારા સમુહલગ્ન સાતફેરા યોજનામાં તથા બાર હજાર તથા લગ્ન રજીસ્ટ્રેશન કરાવી આપવામાં આવશે. તો સર્વજ્ઞાતિ સમુહ લગ્નમાં વહેલા તે પહેલાના ધોરણે મંડળના પ્રમુખ રમેશભાઈ ગોહિલ મો. ૯૩૭૪૭૩૪૮૨૦, પરષોતમભાઈ મકવાણા ૯૪૨૮૭૯૮૬૪૭, સવજીભાઈ ડાભી ૯૯૨૪૪૧૩૯૫૨ નો સંપર્ક કરવો તેમજ મહિલા તળપદા કોળી સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન સમારંભ તા, ૧૦-૧૨ ના યોજાશે. જેમાં આ સમારંભમાં ભાગ લેવા માંગતા વિધાર્થીઓએ ધો -૫ થી ૮ ૭૦ ટકા, ધો-૯ થી ૧૨ ૬૫ ટકા તેમજ કોલેજ કે અન્ય અભ્યાસ કરતા પોતાની માર્કશીટની ઝેરોક્ષ નકલ પાછળ સરનામું અને મોબાઈલ નંબર સાથે તા, ૫-૧૨ સુધીમાં પ્રમુખશ્રી મતિ આરતીબેન આર. ગોહિલ મો. ૯૪૦૯૩૧૩૬૪૪, પરષોતમભાઈ મકવાણા, ૯૪૨૮૭૯૮૬૪૭, રમેશભાઈ ડાભી ૯૧૦૪૪૧૯૬૪૧ નો સંપર્ક સાધવો.

## રાજુલા પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેક્શન યોજાયું

### જિલ્લા પોલીસ વડા દ્વારા પોલીસની અને રાજુલા શહેરની વિવિધ કામગીરીની સમીક્ષા



રાજુલા,રાજુલા શહેરમાં આજરોજ રાજુલા પોલીસ સ્ટેશન વાર્ષિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું રાજુલા પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો.જાણવા મળતી વિગત મુજબ રાજુલા શહેરમાં આજરોજ જિલ્લા પોલીસવાળા હિમકરસિંહ દ્વારા રાજુલા પોલીસ સ્ટેશન નું વાર્ષિક ઈન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. જેમાં રાજુલા શહેર અને તાલુકાની વિવિધ પોલીસની કામગીરીની સમીક્ષાઓ કરવામાં આવી હતી અને રાજુલા પીઆઈ કુંગસિયા તેમજ પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો રાજુલા પોલીસ મથકને શણગારવામાં આવ્યું હતું અને જિલ્લા પોલીસ વડા સમક્ષ વિવિધ કામગીરી રજૂ કરવામાં આવી હતી જેની સમીક્ષા જિલ્લા પોલીસવાળાએ કરી હતી.આ વાર્ષિક ઈન્સ્પેક્શનમાં રાજુલા પી આઈ શ્રી કુંગસીયા જયરાજભાઈ વાળા રાણાભાઈ હરપાલસિંહ ગોહિલ પી.એસ.આઈ શ્રી ગોહિલ ઘનશ્યામભાઈ મહેતા સહિતનો પોલીસ સ્ટાફ હાજર રહ્યો હતો

## અમરેલીનાં મેતલીયા પરિવારમાં શુભલગ્નોત્સવ

ચિ. ઋત્વિ | ચિ. વર્ષિલ

અમરેલીનાં અ.સૌ. સંગીતાબેન તથા અનિલભાઈ ભુપતભાઈ મેતલીયાની સુપુત્રી ચિ. ઋત્વિનાં શુભલગ્ન નાની કુંકાવાવ નિવાસી અ.સૌ. રસીલાબેન તથા વસંતભાઈ બાવાલાલ મોવલીયાનાં સુપુત્ર ચિ. વર્ષિલ સાથે કાર્તક વદ ૧૧ તા. ૮-૧૨-૨૩ શુક્રવારનાં રોજ નિરધારેલ છે.

## લાઠીની મેઇન બજારોમાં ઠેર ઠેર ખાડા



લાઠી, (વિશાલ ડોડીયા) લાઠી શહેર વિકાસથી મંચિત જોવા મળી રહ્યું છે લાઠી શહેરની અંદર આવેલી જે મેન બજાર છે ત્યાં મોટા મોટા ખાડાઓનું સમ્રાજ્ય જોવા મળી રહ્યું છે અનેકવાર આ ખાડાઓના કારણે અકસ્માતના શક્યતાઓ પણ જોવા મળી રહી છે ઘણા સમયથી આજે મેન બજારનો જે રોડ છે તેમાં વરસાદી જે પાણી છે તે ભરાવાના કિસ્સાઓ પણ સામે આવી રહ્યા છે શહેર તેમજ તાલુકા અને ગ્રામ્ય વિસ્તારોમાં વિકાસથી વંચિત જોવા મળી રહ્યો છે ત્યારે બીજી તરફ અનેક વિસ્તારોની અંદર હાલમાં વરસાદની પાણી જે માવઠા થયા છે તેને લઈને બજારોમાં પાણી ભરાવાની સમસ્યાઓ પણ ઉભી થતી જોવા મળે છે.

## દિવાળી નુતનવર્ષ અનુલક્ષીને લાઠીના ભુરખીયામાં વિધાનસભા મત વિસ્તારનું નૂતન વર્ષ સ્નેહમીલન યોજાયું

### લાઠી બાબરા દામનગર વિસ્તારના ભાજપ આગેવાનો કાર્યકરોની ઉપસ્થિતી



લાઠી, (વિશાલ ડોડીયા)

લાઠી તાલુકાના ભુરખીયા ગામે લાઠી -બાબરા.અને દામનગર વિધાનસભા ના વિસ્તાર ભારતીય જનતા પાર્ટી પરિવાર નૂતન વર્ષ સ્નેહમિલન સમારોહ યોજાયો હતો.લાઠી-બાબરા અને દામનગર. મતવિસ્તારમાં ભારતીય જનતા પાર્ટી ના સમારોહના અધ્યક્ષ. શ્રી. દિલીપભાઈ સંઘાણી તથા વિશેષ ઉપસ્થિતિમાં અમરેલી જિલ્લા ના. સાંસદ શ્રી નારણભાઈ કાછડીયા તથા ધારી-બગસરા ધારાસભ્ય શ્રી જે. વી. કાકડિયા. સાવરકુંડલા -લીલીયાના ધારાસભ્યશ્રી મહેશભાઈ કસવાળા તથાં અમરેલી જિલ્લાના પંચાયત પ્રમુખશ્રી ભરતભાઈ સુતરીયા. અને લાઠી તાલુકા પંચાયત પ્રમુખ શ્રી મધુભાઈ નવાપર. દામનગર શહેર ના ભાજપ મહામંત્રી સતિશબાપુ ગોસ્વામી.ભરતભાઈ. ભાસ્કર. બાબરાના નીતિનભાઈ રાઠોડ અમરેલી જિલ્લા ભાજપ મહામંત્રી ભાજપના મહામંત્રી ભુપેન્દ્ર બચીયા ઉધોગપતિ. ભામાસા. ભાજપ અગ્રણી. ગોપાલભાઈ વસ્તરપરા. લાઠી-બાબરા-દામનગર વિધાનસભા વિસ્તાર પરિવાર ભારતીય જનતા પાર્ટી હોદેદારો ચૂંટાયેલા પ્રતિનિધિઓ તથા કાર્યકર્તાઓ ભાઈઓ બહેનો દિવાળી સ્નેહમિલન તથા નવા વર્ષ ના દિવસોમાં સ્નેહમિલન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું સૌને આમંત્રણ આપના લાઠી બાબરા દામનગર ના વિસ્તારના ધારાસભ્ય શ્રી જનકભાઈ તળાવીયા ભોજન સાથે નૂતન વર્ષ સ્નેહ મિલન સમારોહ રાખેલ હતો.

## દેવકાનાં રીક્ષા ચાલકની પ્રેરક પ્રમાણિકતા

### રસ્તામાં મળેલો મોબાઇલ મુળ માલીકને શોધી પરત કર્યો



રાજુલા,

દેવકા થી આવી રહેલા ભરતભાઈ જીવરાજભાઈ ઓઝા જેવો રીક્ષા ચલાવી રહ્યા છે તેઓ રિક્ષા લઈને રાજુલા આવી રહ્યા હતા ત્યારે ખાંભલીયા પાસે રસ્તા પર પડેલો એક મોબાઈલ તેમને મળતા તેમણે આ મોબાઈલ મૂળ માલિકને પરત કરીને પોતાની પ્રમાણિકતાનું એક ઉદાહરણ પૂરું પાડેલ છે આ મોબાઈલ ડુંગર ગામના મનુભાઈ મુસ્કાન ગુલ્ફી વાળાનો હોવાનું જાણવા મળેલ છે અને મૂળ માલિક પરત કરેલ ત્યારે ખરેખર ખાનદાની ક્યાંય વેચાતી મળતી નથી તે આ વાતને સાબિત કરી આપે છે..

## રાજુલામાં બાઈક ચોરાયું

અમરેલી,રાજુલા મફતપરા વિસ્તારમાં તા.૨૬-૧૧ ના બપોરના મોટી વડાળ ગામના અલ્તાબભાઈ મોબતભાઈ કુરેશી એ તેમના મીત્ર હરસુરભાઈ ઉર્ફે લાલો ભરતભાઈ ધાખડા રહે.રાજુલા વાળાના મકાનની બહાર પાર્ક કરેલ હોન્ડા બાઈક જી.જે.૦૪.ઈસી.૪૧૬૧ રૂ.૬૦,૦૦૦ ની કિંમતનું કોઈ ચોરી કરી ગયાની રાજુલા પોલીસ મથકમાં ફરીયાદ નોંધાવી છે.

## વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ દુધાળાનાં જલ ઉત્સવની મન કી બાત કાર્યક્રમમાં નોંધ લીધી

### વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇએ જલોત્સવનો સંદેશો પાઠવ્યો



અમરેલી,

અમરેલી જિલ્લાનાં લાઠી તાલુકામાં આવેલ દુધાળા ખાતે ૧૦ દિવસીય જલ ઉત્સવનું આયોજન થતા તેની નોંધ લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કરનાર રાજ્ય સરકાર અને ધોળકીયા ફાઉન્ડેશનનાં પદ્મશ્રી સવજીભાઇ ધોળકીયાને જળ ઉત્સવમાં સફળ આયોજક બદલ શ્રી મોદીએ મન કી બાત કાર્યક્રમમાં નોંધ લઈ સંદેશા સાથે અભિનંદન પાઠવ્યાં હતાં. રાજ્ય સરકાર સાથે પીપીપી ધોરણે કામ કરતી સંસ્થા ધોળકીયા ફાઉન્ડેશનનાં પદ્મશ્રી સવજીભાઇ ધોળકીયાએ જણાવ્યું કે, વડાપ્રધાનશ્રી મોદીએ મન કી બાતમાં નોંધ લઈ સમગ્ર વિશ્વ સુધી જળ ઉત્સવ અને જળ સંગ્રહને મન કી બાતનાં માધ્યમથી પહોંચાડી અમારા માટે ખુબ જ મોટી વાત કહીશાય તે બદલ શ્રી મોદીજીનો આભાર માનું છું તેમ સવજીભાઇ ધોળકીયાએ જણાવ્યું હતું.

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેક્શન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેક્શનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, લુઝી, જેકેટ, સ્વેટર, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેક્શન
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
M to 5XL સુધી બધુંજ
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી.

LG Haier IFB LLOYD Panasonic DAIKIN HITACHI BLUE STAR SANSUI acer TCL VU Whirlpool BOSCH MITSUBISHI MILCENT ANANDI vivo oppo
શિવ ઇલેક્ટ્રોનિક્સ
જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક સામે, અમરેલી.
મો. ૯૮૯૮૩ ૨૩૩૫૨

એશીયન પેઇન્ટસનાં ઓથો ડિલર
કૈલાશ હાર્ડવેર માર્ટ
રોયલ - એશીયન પેઇન્ટ્સ
રોયલ - ગ્લીઝ - ઓલપ્રોટેક
ટ્રેક્ટર ઇમલ્શન - અલ્ટીમા
એપેક્ષ યશ - ઓઇલ પેઇન્ટ
તેમજ ડયુકો કલરના વેપારી
સિલ્વર પેલેસ કોમ્પલેક્ષ, દુકાન નં.૨, સ્ટેશન રોડ, અમરેલી
મો. ૯૪૨૬૯ ૬૫૦૫૭

લાઠી રોડ ઉપર અતિ મોકાનું બે માળનું
મકાન તાત્કાલીક ફુંકી મારવાનું છે
પાર્ટીને બહાર જવાનું હોવાથી વહેલા તે પહેલાના ધોરણે લોનેબલ...
કિંમત ફક્ત ૧૨-૯૯ લાખ
સાંઇ સદગુરૂ એસ્ટેટ બ્રોકર પ્રભુદાસ તલાટી ૯૪૨૮૭ ૦૯૯૯૩
વ્હાઇટ હાઉસ, એસ.ટી.ડેપો સામે, અમરેલી. સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૫ થી ૮

## -:: જાહેર નોટીસ ::-

આથી તમામ જાહેર જનતાને આ જાહેર નોટીસ આપી જણાવવાનું અમરેલી શહેર, સ્ટેશન રોડ ઉપર આવેલ '' ગોપી સિનેમા'' વાળી મિલ્કત, પ્લોટ નં.૪૧, સીટી સર્વે નં.૧૦ (નવો નંબર ૩૫૧) ટીકા નં.૩૨, ક્ષેત્રફળ ૧૧૬૧ ચો.મીટર તેના ૧૩૭૯ ચો.વાર '' મે. ગોપી સિનેમા'' પેઢીએ ૯૯ વર્ષના પટ્ટે / સમયગાળા માટે લીઝડીડ થી ભાડા પટ્ટે રાખેલ છે. ભાડા કરાર વાળી મિલ્કત પર અમરેલીની સિવીલ કોર્ટમાં રે. દિવાની મુકદમા નં. ૧૧૬/૨૩ દાવો ચાલતો હોય, આ દાવાનો નિકાલ ન આવે ત્યાં સુધી કોઇએ તકરારી મિલ્કત બાબતે કોઇ પણ પ્રકારનો વ્યવહાર લે - વેચ, ગીરો, બક્ષીસ, ભાડા પટ્ટે કરવો નહી કે નાણાનું રોકાણ કરવુ નહી.

સહી
વાદીના કુલમુખત્યાર

બેકરીની તમામ આઇટમ રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો
પાંઉ - નાની મોટી સાઇઝમાં
બ્રેડ - જીરા ખાટી - મેથી
ખારી રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા
સુરતી પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
ન્યુ અમલસાદ બેકરી
તમામ આઇટમ અમારે ત્યાં દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : રઘુવીર પાનવાળી ગલી, રાજકમલ ચોક, પીટણપરા, અમરેલી
મો. ૭૯૮૪૯ ૪૬૩૬૩, ૭૦૧૬૮ ૮૪૯૫૦

કાર, બાઇક, ટ્રેક્ટર, સનેડો, મીની ટ્રેક્ટર, ટ્રોલી, ટ્રક, છોટા હાથી, બોલેરો, બસ વિગેરે તમામ વાહન માટેના
ટાયર - ટયુબ, બેટરી, ઓઇલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ ધરા, જેક - ફિલ્ટર, ટુલ્સનાં
હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા
સંજય ટાયર્સ
સંજય ટ્રેડ લીંક
દુકાન નં.૧૪, ૧૫,૧૬ બ્રાહ્મણ બોર્ડીંગ, અજમેરા સ્કુલ સામે, સ્ટેશન રોડ, અમરેલી
સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શો રૂમ પાસે, અમરેલી

બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
Reg. No.E/2473/Amreli
PAN : AAETB6603J
80G No. AAETB6603JF20221
મો. ૯૮૯૮૨ ૩૧૯૨૩
સિવિલ હોસ્પિટલમાં વિના મુલ્યે ગરીબ દર્દીને ટિફિનની ફ્રી સેવા માટે સંપર્ક કરો
Bank Name : Unoin Bank
A/C. No. 258511010000007 IFS Code : UBIN0825859
બાપા સીતારામ અન્નક્ષેત્ર ટ્રસ્ટ - અમરેલી
-:: અન્નક્ષેત્ર એડ્રેસ ::-
૭૫, ઓપેરા હાઉસ સ્ટેશન રોડ, અમરેલી.

સ્વાદના શોખીનો માટે શહેરની મધ્યમાં નવલુ નજરાણું
ચાઇના ટાઉન
ફેમીલી રેસ્ટોરન્ટ
દરરોજ સવારે :- સ્વાદથી ભરપુર વણેલા ગાંઠીયા, સુકી ભાજી, ચીપ્સ, થેપલા
દરરોજ બપોરે :- કુશળ કારીગરોના હાથે બનાવેલ ચાઇનીઝ - પંજાબી
દરરોજ રાત્રે :- અવનવા સ્વાદ તથા સોડમથી ભરપુર ચાઇનીઝ - પંજાબી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
મો. ૯૮૯૮૯ ૦૩૯૦૩ - ૯૯૭૯૭ ૬૪૪૫૨
ભીડભંજન મહાદેવ મંદિર ચોક, સમભાવ હોસ્પિટલ સામે, અમરેલી

SINCE 2009
કોમ્પ્યુટર કોર્ષ એટલે
પટેલ કોમ્પ્યુટર્સ
સીટીમોલ, રાજકમલ ચોક, અમરેલી મો.૯૯૦૯૯ ૨૦૧૫૨

પટેલ બેકરી & કેક શોપ
બેકરીની તમામ આઇટમ રોજેરોજ બનતી જેવી કે....
પાંઉભાજીના જમ્બો પાંઉ - નાની મોટી સાઇઝમાં બ્રેડ - જીરા ખાટી - મેથી ખારી રીમઝીમ ટોસ્ટ - મિલ્ક ટોસ્ટ - તાજે તાજા સુરતી પાંઉ - નાનખટાઇ (કુકીઝ) મળશે
તમામ આઇટમ અમારે ત્યાં દરરોજ તાજે તાજી જ બને છે
સ્થળ : બટારવાડી, અમરેલી મો.૯૦૩૩૩ ૩૮૫૩૩

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૨૯-૧૧-૨૦૨૩ બુધવાર

અમરેલી તથા સુરત
ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ, બર્ગર, પીઝા સેન્ડવીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે, અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૪ની આકર્ષક નવી ડીઝાઈનમાં બોક્ષ • સેમી બોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

### દર વર્ષની જેમ આ વર્ષે પણ તુલસી વિવાહનું આયોજન થતા સંતો મહંતોના આર્શીવચન સાથે

# રાજુલાના રામપરામાં તુલસી વિવાહ યોજાયા

**નાગેશ્રી ગામેથી વરૂ પરિવાર દ્વારા ઠાકોરજીની જાન વાજતે - ગાજતે રામપરા ગામમાં આવી**

**રાજુલામાં રામપરા ગામે ઠાકોરજીના ભવ્ય સામૈયા સાથે આસ્થાભેર સ્વાગત કરાયું**

**રામપરા અને નાગેશ્રી સહિત આજુબાજુના ગામોમાંથી તુલસી વિવાહમાં મેદની ઉમટી**

**સાંસદશ્રી નારણભાઈ કાછડીયા, ધારાસભ્યશ્રી હિરાભાઈ સોલંકી સહિત આગેવાનોની ઉપસ્થિતિ**



રાજુલા,

નાગેશ્રીમાં સાધુ સંતોની ધર્મસભા યોજાય બાબરીયાવાડ પંથકમાંથી વિરાટ સંખ્યામાં ધર્મપ્રેમી લોકો ઉપસ્થિત રહ્યા. સાંસદ નારણભાઈ કાછડીયા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી સહીત રાજકીય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા સરપંચ નરેન્દ્રભાઈ વરૂની કામગીરીની પ્રશંશા કરાય.

સૌરાષ્ટ્રમાં તુલસી વિવાહનું અનેરું મહત્વ છે સૌવથી વધારે અમરેલી જિલ્લામાં આવેલ રાજુલા જાફરાબાદ પંથક એટલે બાબરીયાવાડ પંથક તરીકે ઓળખાય છે અહીં નાગેશ્રી ગામના સરપંચ નરેન્દ્રભાઈ વરૂ અને તખુભાઈ વરૂ દ્વારા તુલસિવિવાહ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પ્રથમ નાગેશ્રી ખાતે ધર્મ સભા યોજાય જેમાં મોટી સંખ્યામાં સાધુ સંતો મહંતો રાજકીય લોકપ્રતિનિધિઓ કાઠી ક્ષત્રિય સમાજ સહિત સર્વે સમાજના લોકો મોટી સંખ્યામ ઉપસ્થિત રહ્યા હતા જેમાં મહંતો આત્મારામ સરસ્વતીબાપુ, અખિલ ભારતીય અખાડાના મહંત રાજેન્દ્રદાસબાપુ, વિશ્વદાસબાપુ, ગરણી આઈ વાલબાઈ માતાજી, સીનાબાપુ, મ્હેસદબાપુ, રાજુદાદા, ઉર્જા મૈયા, અમરદાસબાપુ, હલરીયા દરબાર બદરૂબાપુવાળા, સરપંચ નરેન્દ્રભાઈ વરૂ, દેવેન્દ્રદાસબાપુ, વસંતદાદા, મહાવીરગીરીબાપુ, રાજેશ્વરીગીરીબાપુ, દેવલમાતાજી, રાધામાં, વિવેકાનંદબાપુ, ધીરૂબાપુ, શાંતિબાપુ સુરજદેવળ, મહામંડલેશ્વર રમજુબાપુ, પાળીયાદ પ્રતિનિધિ, રાજકીય અગ્રણી સાંસદ નારણભાઈ કાછડીયા, ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, જિલ્લા પંચાયત પ્રમુખ ભરતભાઈ સુતરીયા, ગુજરાત ભાજપ કિસાન મોરચા નેતા રવુભાઈ ખુમાણ, જીલા પંચાયત કારોબારી ચેરમેન કરશનભાઈ ભીલ, ટીકુભાઈ વરૂ, તાલુકા પંચાયત ચેરમેન અનિરૂદ્ધભાઈ વાળા, સહિત વિવિધ સમાજના લોકો સંતો મહંતો નાગેશ્રી ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને ધર્મસભામાં દરબાર શ્રી પાતાબાપુ ભીમબાપુ વરૂ પ્રવેશ દ્વારનું ભૂમિ પૂજન સંતોના હસ્તે કરાયુ તેમજ કલાકાર મેરામણભાઈ ગઢવી, જીજ્ઞેશભાઈ કુચાલા, નટવરલાલ જોશી, લોકસાહિત્યકાર ભરતભાઈ બોરીચા સહિત કલાકારોનું સન્માન કરવામાં આવ્યું.

ત્યારબાદ નાગેશ્રીથી ભગવાનની જાન પ્રસ્થાન કરાવી જેમાં રજવાડી ચિહ્નો શ્યામ સુંદર ભગવાન નું નિશાન અને ઘોડે સવાર ભગવાનનો રથ કારના તખુભાઈ વરૂ દ્વારા મોટા કાફલા સાથે કાર અને જાજરમાર જાન રામપરા માંડવા પક્ષે વૃદાવન આશ્રમમાં મહંત રાજેન્દ્રદાસબાપુને ત્યાં પોહચી હતી માડવા પક્ષે રામભાઈ, લાલભાઈ, સરપંચ છનાભાઈ, જીકારભાઈ સહિત આહીર સમાજના અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને સ્વગત સન્માન સામૈયા કરવામાં આવ્યા હતા અને ભગવાનના વિવાહ યોજાયા હતા ધર્મસભામાં સાધુ સંતો અને રાજકીય અગ્રણીઓ દ્વારા નાગેશ્રી સરપંચ નરેન્દ્રભાઈ વરૂની કામગીરીની આવકારી પ્રશંશા કરાય હતી.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીર સોમનાથના સીમાસીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથના માધ્યમથી ગ્રામજનોને મળ્યો વિવિધ યોજનાઓનો લાભ મળ્યો

**કેમ્પમાં ૧૫૦થી વધુ વ્યક્તિઓ અને ટીબીના ૩૦થી વધુ દર્દીઓની તપાસ કરાઇ**

ગીર સોમનાથ,

ગીર સોમનાથના સીમાસીમાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથના માધ્યમથી મહાનુભાવોના હસ્તે લાભાર્થીઓને સરકારશ્રીની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. નોંધનીય છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રાના માધ્યમથી દેશભરમાં રાજય સરકાર અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહીતી છેવાડાના લોકો સુધી પહોંચાડવામાં આવી રહી છે.

ગીર સોમનાથ જિલ્લાના ઉના તાલુકાના સીમાસી ગામે વિકસિત ભારત સંકલ્પ યાત્રાનું ઉમળકાભેર સ્વાગત કરવામાં આવ્યું હતું. સીમાસી ગામે જિલ્લા પંચાયત તેમજ તાલુકા પંચાયતના સભ્યશ્રીઓના હસ્તે લાભાર્થીઓને સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો. આ તકે, આરોગ્ય કેમ્પમાં ૧૫૦થી વધુ વ્યક્તિઓ અને ટીબીના ૩૦થી વધુ દર્દીઓની તપાસ કરવામાં આવી હતી.

આ સંકલ્પ યાત્રાના માધ્યમથી મેરી કહાની મેરી જુબાની અંતર્ગત ૦૪ લાભાર્થીઓએ પોતાના અનુભવો જણાવ્યા હતાં. આ ઉપરાંત નવા ૧૧ આયુષ્માન કાર્ડ પણ બનાવી આપવામાં આવ્યા હતાં. આ તકે, ૦૧ સ્થાનિક કલા કારીગર, ૦૧ રમતવીર અને વિવિધ ક્ષેત્રમાં યોગદાન બદલ ૦૪ મહિલાઓ તેમજ ૦૨ વિદ્યાર્થીઓને એવોર્ડ આપી સન્માન કરાયું હતું.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

### ગુજરાત વકફ બોર્ડમાં કચ્છ જિલ્લાને પ્રતિનિધિત્વ આપવા માંગણી કરાઇ

**ઇતિહાદુલ મુસ્લેમીનએ હિન્દ ટ્રસ્ટ દ્વારા ઉચ્ચ રજુઆત કરાઇ**

ભુજ,

ગુજરાત રાજ્ય વકફ બોર્ડમાં કચ્છ જિલ્લાને પ્રતિનિધિત્વ આપવા ઈતિહાદુલ મુસ્લેમીનએ હિન્દ ટ્રસ્ટ દ્વારા રજુઆત કરવામાં આવી છે તેમાં જણાવ્યા મુજબ સરકારનાં કાયદા વિભાગ દ્વારા ગાંધીનગરમાં ડાયરેક્ટરોની નિમણુંક કરી છે. જેમાં પાંચ સભ્યો અમદાવાદ, સુરત, ગોધરા, રાજકોટમાંથી નિમેલ છે પણ કચ્છ જિલ્લાને સ્થાન મળ્યું નથી. કચ્છમાં મોટી વસતી છે. ૧૫૦૦ જેટલી વકફ મિલ્કતો નોંધાયેલી છે. હજુપણ નોંધાવાની બાકી છે. તે ધ્યાને લઈને આ ટ્રસ્ટનાં પ્રમુખ હાજી મહમદભાઈ આગરીયા અને ટ્રસ્ટી હાજી જુસાભાઈ રાયમા ઈનામુલ હક્ક ઈરાકી, સૈયદ હેદરસા પીર, અનવર સૈયદ, હાજી નુરમહમદભાઈ રાયમા, હબીબસા સૈયદ, સુલ્તાનભાઈ માજોઠી, સાદીકભાઈ રાયમા, શાનવાઝભાઈ શેખ, સલીમભાઈ રાયમા, મૌલાના અબ્દુજાના, મહમદઅલી ભીમાણી, નજીબભાઈ અબ્બાસી, નાસીરટાંક પઠાણ, રસુલભાઈ આગરીયા, અશરફભાઈ પાસ્તા, ઈદ્રીશભાઈ વોરા, રફીકભાઈ તુર્ક, હાજી અબ્દુલભાઈ ખત્રી, ઈશાકભાઈ જોત, હાજી સુલેમાનભાઈ મંધરા, હાજી નુરમહમદભાઈ મંધરા, રમજાનભાઈ રાવુમા સહિતે રજુઆત કર્યાનું પ્રવક્તા જલાલશા સૈયદે અખબારી યાદીમાં જણાવ્યું છે.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

**બાળક ઘરની બહાર રમવા નિકળ્યો ત્યાં જ દિપડો ત્રાટક્યો**

### જુનાગઢનાં દોલતપરામાં દિપડાનાં મોઢામાંથી માતાએ સાડા ત્રણ વર્ષનાં દિકરાને બચાવ્યો

**બાળકને ગંભીર ઇજા પહોંચતા સારવાર માટે રાજકોટ દવાખાને ખસેડાયો**

જુનાગઢ, જુનાગઢનાં રહેણાંક વિસ્તારમાં સમીસાંજે દિપડો ત્રટકતા ઘર બહાર રમવા માટે નિકળેલ સાડા ત્રણ વર્ષનાં બાળક ઉપર હુમલો કરી માથાના ભાગેથી મોઢામાં લઈ ભાગતા બાળકે ચીસાચીસ કરતા માતા બહાર દોડી આવતા તેણે દિપડા પાછળ દોટ મુકી બાળકનાં પગ ખેંચી દિપડાનાં મોઢામાંથી પકડ છુટી જતા બાળક બચી ગયો હતો. આ બનાવની પ્રાપ્ત વિગત અનુસાર જુનાગઢ દોલત પરામાં રહેતા સાહીદભાઈ સીડાનો દિકરો આશીર ઉ.વ.૩ા સાંજે ઘરમાંથી બહાર રમવા નિકળ્યો એ સાથે જ તેના પર દિપડાએ હુમલો કર્યો હતો અને તેને માથાના ભાગેથી મોઢામાં પકી ભાગ્યો હતો. બાળકે ચીસાચીસ કરતા માતા જેબુનબેન બહાર દોડી આવેલ અને પોતાના દિકરાને દિપડો લઈને ભાગતો હોય તેણે દોટ મુકી હતી અને દિકરાને પગ પાસેથી પકડી લેતા દિપડાનાં મોઠઢામાંથી પકડ છુટી જતા દિકરો આશીર બચી ગયો હતો. માથામાં દિપડાનાં દાંત બેસી ગયા હતાં અને ઈજા પહોંચતા પ્રથમ જુનાગઢ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એકજ ભાવ વ્યાજબી ભાવ
(બાબરાવાળા) આનંદ
હંમેશા કંઈક નવું
કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જવેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

૨૦૨૩-૨૪ નું અત્યાધુનિક અલ્ટ્રા મોર્ડન ફર્નિચરની વિશાળ રેન્જ
લગ્ન પ્રસંગના ફર્નિચરની ખરીદી કરવાનું ઉતમ સ્થળ
મીરા ફર્નિચર
સોફા બેડ કબાટ
ડાઇનીંગ ટેબલ ટીપોઇ
વિગેરે ફર્નિચરની વિશાળ રેન્જ હાજરમાં મળશે
વિપુલ સોંડાગર : ૯૯૨૪૫ ૫૬૨૫૮
ચક્કરગઢ રોડ, હિરામોતી ચોક, પટેલવાડી સામે, અમરેલી

શુભ પ્રસંગોને કાયમી સંભારણુ બનાવવા માટેનું શ્રેષ્ઠ સ્થળ
ગુલમહોર ફંક્શન હોલ
પ્રસંગ તમારો, આંગણીયું અમારૂ
શહેરની મધ્યમાં આવેલ 'રાજકમલ ચોક' લોકાલીટીમાં આવેલ 'રોયલ પેરેડાઇઝ કોમ્પલેક્ષ' ખાતે
• લગ્ન માટે સંગીત-સંધ્યા • ચાંદલાવીધી • રીસેપ્શન • બર્થ-ડે-પાર્ટી • શ્રીમંતવીધી • ઓરકેસ્ટ્રા પ્રોગ્રામ • માતાજીના ભજન • ડાયરો મુંડન-સંસ્કાર • નાટક • સ્કુલ એન્યુઅલ ફંક્શન • કંપની કોર્પોરેટ ડીસ્ટ્રીબ્યુટર મીટીંગ • એવોર્ડ ફંક્શન • બેસણું • પ્રાર્થનાસભા
તેમજ નાના-મોટા શુભપ્રસંગો માટે ૩૦૦ લોકોની કેપેસીટી સુધી આધુનિક સગવડતો સાથે મોટા ચાર નાના મોટા એસી ફંકશન હોલનું બુંકીંગ શરૂ કરી રહ્યા છીએ.
વ્યાજબી ભાડુ, યોગ્ય કેટરર્સ, ડેકોરેટર્સ વિગેરેની સર્વિસ આપવામાં આવશે
પિનાકીન ચિત્તલીયા મો.૯૮૨૦૦ ૨૮૦૦૪, ૮૩૫૬૮ ૪૯૧૯૩

Hero
આ તહેવારોના શુભ અવસરે આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle — કેશ બોનસ ₹2100
Super Splendor Xtec — કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) — કેશ બોનસ ₹2100
Xoom & Pleasure — એક્ષચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

અમરેલીનું સૌથી મોટુ અને એકમાત્ર ફેમીલી સલૂન
રાજ ફેમીલી સલૂન
લેડીસ: આઇબ્રો, વેક્સ, હેરકટ, ફેશીયલ, સ્મુથનીંગ, કેરાટીન, બોટોક્ષ, હાઇલાઇટ, વગેરે, નેઇલ આર્ટ
હેર રિપ્લેશમેન્ટ — BEFORE / AFTER
જેન્ટસ: હેરકટ, બિયર્ડ (સેવ), ફેશીયલ, શાયનર, ડી.ટેન, હેરસ્પા, વગેરે
APP. No. 02792 - 224441
અમરેલી ચીતલ રોડ, ઓમનગર મેઇન રોડ, ગીરીરાજ શેરી નં.૧, પહેલો માળ
જીજ્ઞેશ કે. વૈષ્ણવ - પારૂલબેન જે.વૈષ્ણવ મો.૯૦૩૩૩ ૯૧૭૭૮

નાના મોટાની એક જ માંગ જવુ છે અમીરસ માં આજ...
ફક્ત ૭૦ રૂપિયામાં છોલે ભટુરે...
બપોરના સમયે...
છોલે ભટુરે - ફ્રેન્કી, ચાઇનીઝ, પંજાબી, સેન્ડવીચ, પીઝા તો ખરા જ
સમય બપોરના 11-00 થી 2-30 સુધી...
APPLICATION FOR Q R CODE
AN New Free APPLICATION HOME DELIVERY PLEASE DOWNLOAD FROM PLAY STORE
94 29 87 37 72
94 99 55 55 56
AMIRAS RESTAURANT
હિરામોતી ચોક, લીલીયા રોડ, સુખનાથપરા, અમરેલી

